REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

अक्षुद्रो रूपसौम्यो विनयनययुतः क्रूरताशाठ्यमुक्तो ।
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्षः कृतज्ञः ॥
सद्दाक्षिण्यो विशेषी सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तो ।
वृद्धार्हो सज्जनो यः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः ॥ १ ॥

પુસ્તક ૩૭ મું ] માર્ગશીર્ષ સંવત ૧૯૭૮, વીર સંવત ૨૪૪૮. [ અંક ૯ મો.

પ્રગટ કર્ત્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## अनुक्रमणिका.

| | | |
|---|---|---|
| ૧ | શુદ્ધ જૈન ... ... ... ... | ૨૫૯ |
| ૨ | દયા સંબંધી બે બ્હેનોનો સંવાદ ... ... | ૨૬૧ |
| ૩ | ડહાપણભરી દયા સંબંધી સંવાદ ... ... | ૨૬૨ |
| ૪ | સદાચારથી અનાચાર ટળે છે ... ... | ૨૬૪ |
| ૫ | બે બ્હેનોનો તત્ત્વવિચારણા વિષયે સંવાદ ... | ૨૬૫ |
| ૬ | જૈનો અને દયા ... ... ... ... | ૨૬૬ |
| ૭ | પ્રશ્નોત્તર સાર્ધશતકગત પ્રશ્નોત્તરો ... ... | ૨૭૩ |
| ૮ | એક વાક્યપરથી થતી વિચારણા ... ... | ૨૭૭ |
| ૯ | આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન ... | ૨૭૯ |
| ૧૦ | કેશર અને જૈન ... ... ... ... | ૨૮૩ |
| ૧૧ | સ્ફુટ નોંધ અને ચર્ચા. ... ... ... | ૨૮૭ |

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦ પોસ્ટેજ રૂા ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

ભાવનગર-'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મટુલાલ લશ્કરભાઇએ છાપ્યું.



# અમારું પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

૧ થોડા વખતમાં બહાર પડશે.

૧ શ્રી વૃહત્ ક્ષેત્ર સમાસ. મોટી ટીકા સહિત.
૨ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર. ભાષાંતર. પર્વ ૧૦ મું. આવૃત્તિ બીજી.

૨ છપાય છે.

૧ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. મૂળ. ગુજરાતી મોટા ટાઇપમાં.
૨ શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૨જો. સ્થંભ ૫ થી ૯. આવૃત્તિ બીજી.
૪ શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર.
૫ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૬ ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર. ( વિભાગ ૨ જો. )
૭ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર. આવૃત્તિ બીજી.
૮ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪.
૯ શ્રી ઉપદેશ કલ્પવલ્લી ( મન્હજિણાણુંની ટીકા ) નું ભાષાંતર.

૩ તૈયાર થાય છે-તૈયાર થયે પ્રેસમાં જશે.

૧ શ્રી પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનો, સ્તવનો, સઝાયો, સ્તુતિ વિગેરેનો સંગ્રહ.
૨ શ્રી વિનોદકારી કથા સંગ્રહનું ભાષાંતર. ૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૨ જો. ( કેટલાક નાના પ્રકરણો સાર્થ.)

---

## પુસ્તકોની પહોંચ.

### શ્રીઆચારાંગસૂત્ર-ભાગ ૧ લો.

અધ્યયન પહેલું. ભાષાંતર સહિત. કિંમત રૂ ૧॥

આની એક નકલ ભેટ તરીકે મળી છે. છાપવાનું કામ સામાન્યે ઠીક છે પરંતુ પ્રમાણમાં કિંમત વધારે લાગે છે. આખા સૂત્રના ભાષાંતરના ભાગોની કિંમત વધારે થઈ પડશે. આ ભાષાંતર શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર સુરત તરફથી બહાર પડેલ છે. અને તે કાર્ય મુ. માણેકમુનિએ કરેલું છે. અમારા વિચાર પ્રમાણે સૂત્રોના ભાષાંતર છપાવવાની બીલકુલ આવશ્યકતા નથી. તે તો મુનિરાજને વાંચવા યોગ્ય અને પંચાંગીસમેત અર્થ સમજવા યોગ્ય લાગે છે. શ્રાવક શ્રાવિકાના ઉપયોગ માટે પૂર્વપુરૂષોએ અનેક ગ્રંથો જુદા જુદા વિષયોને અપેક્ષીને બનાવેલા છે, તેના ભાષાંતર તેમજ મૂળ પ્રગટ કરવાથી બહુ ઉપકારક થવા સંભવ છે. કદી સાધુ સાધ્વીના ઉપકાર માટે છપાવવા ધાર્યું હોય તો તેમણે તો આ ખાતાએ ભાષાંતર કરવા માટે નિર્ધારેલા આચારાંગ, સુયગડાંગ, દશવૈકાલિક ને નંદીજી વિગેરે સૂત્રો ગુરૂગમથીજ વાંચવા સમજવા યોગ્ય છે.

# श्रीजैन धर्मप्रकाश.

शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवंतु लोकाः ॥ १ ॥

"સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરોપકારમાં તત્પર થાઓ,
દોષમાત્ર નાશ પામો અને સર્વત્ર લોકો સુખી થાઓ."

પુસ્તક ૩૭ મું.] માર્ગશીર્ષ. સંવત ૧૯૭૮. વીર સંવત૨૪૪૮. [અંક. ૯ મો.


## શુદ્ધ જૈન.

—:*o*:—

શુદ્ધ જૈની તો તેને કહીએ, પીડ પરાઇ જાણેરે;
સુખી દિન પર કરવા ઇચ્છે, ચડે દયા ગુણઠાણેરે. ૧
હું છું સુખી તે છે દુ:ખી, દુ:ખ દેખી ડરનારોરે;
આપ સરખા સ્વામીભાઇ કરવા, હોય નિત્ય ઉદ્‌ગારોરે. ૨
ધીરજ આપે કષ્ટો કાપે, શાંતિનો કરનારોરે;
ભૂલ કદી દુ:ખીની દેખે, છતાં ક્ષમા ધરનારોરે. ૩
આવો બેસો જમો ભાવથી, છે આ ઘર તમારૂંરે;
મારાંને મિથ્યા એ માને, અંતે દૂર થનારૂંરે. ૪
દુ:ખી જૈનની ખબર ન રાખી, મારૂં મારૂં કરી બેઠોરે;
અંત વખતે પડી રહેવાનું સૌ, ખરચે ન ભયમાં પેઠોરે. ૫
હાથે તે સાથે આવે છે, તો તમને હું આપુંરે;
શાંતિ પમાડે તે વીર શ્રાવક, બન્યું કષ્ટ તે કાપુંરે. ૬
કામ પડ્યે વીર આવો વ્હેલા, ન ગણો કાંઇ જુદાઈરે;
કમાણીમાં છે ભાગ સર્વનો, સમજી આવો વ્હાઇરે. ૭
દીલાસો દીન જનને દેવા, દિલમાં ઉલટ આણીરે;
જૈન ધર્મનો સાચો બચ્ચો, દયા તો દિલથી જાણીરે. ૮

આપે તે બહુ ઉમંગ સાથે, માને સફળ જન્મારોરે;
સ્વામીબંધુ ભલે પધાર્યા, ભર્યો ભંડાર તમારોરે. ૯
મૃષાવાદ તો કદી ન બોલે, બોલે તેટલું પાળેરે;
કહેણી સમ રહેણીમાં રહેતો, જૈન કુળ અજવાળેરે. ૧૦
થોડું બોલી વિશેષ કરતો, વેણ માટે તે મરતોરે;
ચાડી ચુગલી સાક્ષી ખોટી, નહીં કોરટે ચડતોરે. ૧૧
વિચાર વિના પગલું નવી ભરતો, કામ કરંતાં ડરતોરે;
રખે ગુન્હેગાર ઠરૂં કહી ઇરી–યાવહીઆ પડિકમતોરે. ૧૨
બારે વ્રત પાલનમાં શૂરો, મધુર વચન મુખ મીઠોરે;
વીરપુત્ર મહાવીરનો સંગી, હાલ ન એહવો દીઠોરે. ૧૩
સમતા વિનય વિવેકનો દરીઓ, ઉછળી પાય ન ભરતોરે;
જીવજંતુની જયણા પાળી, કામમાંહી પરવરતોરે. ૧૪
નેત્રમાંહે અમીની દૃષ્ટિ, વૃષ્ટિ જૈન પર વરસેરે;
જૈનધર્મનાં કામો કરવા, આગળ પડવા હરસેરે. ૧૫
નવાં ચૈત્યને નજરે નિહાળી, જીર્ણોદ્ધારો કરવારે;
અષ્ટગણું પુણ્ય લેવા ઇચ્છે, ઇચ્છે શિવવધુ વરવારે ૧૬
જ્ઞાનતણાં ભંડારો કરવા, નવાં પુસ્તકો લખાવેરે;
જૈનધર્મીને જાગૃત કરવા, જ્ઞાન બહુ પ્રસરાવેરે. ૧૭
નિરાશ્રિતને આશ્રય દેવા, માટે દોડી જાતોરે;
સાતે ક્ષેત્રની પુષ્ટિ કરવા, થાતો રાતોમાતોરે. ૧૮
સાધુ સાધ્વીની સેવા કરવા, વંદનમાં પણ તેવોરે;
શરધા વિવેક જ્ઞાનનો દરીઓ, શુદ્ધ આત્માર્થી એવોરે. ૧૯
આજની વાત કાલ પર ન રાખે, હાલ હાલ તે કરતોરે;
ધર્મના કામે ઢીલ ન કરતો, જ્ઞાન લેવા સંચરતોરે. ૨૦
પ્રતિક્રમણ વિધિપૂર્વક કરતો, સવાર સાંજ બે ટાણેરે;
સામાયિકમાં નહીં પ્રમાદી, પૌષધ કરવા જાણેરે. ૨૧
વ્યવહારમાંહી પ્રવીણ રહેતો, નિશ્ચય તે પણ જાણેરે;
ભુખ્યાનું દુઃખ ટાળવા ઇચ્છે, સંતોષ સદા દિલ આણેરે. ૨૨

પૂજા ભક્તિ કરે ભાવથી, આરતિ મંગળદીવોરે;
બે ટાણે પ્રભુ વંદન કરતો, એ શ્રાવક ઘણું જીવોરે. ૨૩
વાડીલાલ કહે વિશેષ શું કહેવું, બુદ્ધિશાળી બળીઆરે;
નિંદા વિકથા કદાપિ ન કરે, ભલે જન્મ્યો ભવ તરીઆરે. ૨૪

**ઉપદેશક વાડીલાલ સાંકળચંદ.**

## દયા સંબંધી શાન્તા અને કાન્તા એ બે શાણી બ્હેનોનો સંવાદ.

શાન્તા—અહિંસા યા જીવદયા (જયણા) રૂપી ધર્મ તો સહુ માને છે. આપણા જૈનધર્મમાં એથી અધિકતા શી ?

કાન્તા—કેવળ દયા દયા પોકારવાથી કશું વળતું નથી. સહુને આપણા આત્મા સમાન લેખી કોઇને દુઃખ-સંતાપ ઉપજે એવું ન કરવામાંજ ખરૂં ડહાપણુ છે. ડહાપણુ વગરની દયા નહીં જેવી છે.

શાન્તા—ઉદાહરણુ આપી તમારૂં કથન સાબીત કરો.

કાન્તા—ગમે તે પ્રાણીનો જીવ બચે એમ આપણે ઇચ્છીએ અને તેમ કરતાં આપણે કષ્ટ સહન કરવું પડે તો કરીએ એમાં કંઇ ખોટું નથી. પરંતુ કેટલાએક લોકો ગાયપ્રમુખ કોઇ પશુને કસાઇ જેવાના હાથથી બચાવવા જતાં તે કસાઇ પ્રમુખનો પ્રાણુ લઇ લે તો તે યુક્ત કહેવાય ? હા, તે કસાઇને કોઇ રીતે સમજાવી પટાવી (રાજી કરીને) ગાય પ્રમુખને સુખે બચાવી શકાય, પણુ તે નજ સમજે તો સામાનો પ્રાણુ લેવો નજ ઘટે, ખરી ઇચ્છા શક્તિજ હોય તો પોતાના પ્રાણુ જતા કરી ને સામાનું દીલ પીગાળી દઇ ગાય પ્રમુખને બચાવી લેવાય; એમાંજ ખરૂં ડહાપણુ અને એજ ડહાપણુભરી દયા લેખાય.

શાન્તા— કેટલાએક લોકો સાપ, વીંછી વિગેરે તથા દુઃખી થતા માંદા કે વૃદ્ધ નકામા જાનવરો વિગેરેને મારી નાંખે છે, તેમાં કાંઈ લાભ હશે. ?

કાન્તા—નહીંજ, જેમ આપણા કોઇ સ્નેહી-સંબંધીને એવી દશામાં તો વિશેષ સુખ શાંતિ યા આરામજ આપવા ઇચ્છીએ તેમ તેવા દુઃખી જીવોને પણુ એવે વખતે સુખ-શાન્તિજ આપવા ઘટે, નહીં કે મોતનું અનંતું દુઃખ ઉપજાવવું ઘટે.

શાન્તા—એ દરેકનો જીવ બચાવી એમને અભય અથવા આરામ આપવાથી શો લાભ ?

કાન્તા—જીવમાત્રને અભય આપવાથી આપણે અભય થઇએ.

શાન્તા—એ માટે થોડાંક શાસ્ત્ર પ્રમાણ બતાવી આપો.

કાન્તા—'ગમે તેવાં અને ગમે તેટલાં અન્ય દાનો દેવાં કરતાં અભયદાન વધી જાય છે. જીવિતદાન દેવા જેવું બીજું એકે દાન નથી.' 'દયાનદી મોટા વિસ્તારમાં વહેતી હોય ત્યાં સુધીજ સઘળા ધર્મ શોભી નીકળે છે, જ્યારે દયા નાબુદ થઈ જાય છે, ત્યારે ધર્મ તો આપોઆપ અલોપ–અદ્રશ્ય થઈ જાય છે.' 'દયાજ ધર્મની માતા છે ને ધર્મનું રક્ષણ તથા પોષણ કરનારી છે. તેમજ એકાન્ત સુખ–શાંતિને આપનારી દયા–જયણાજ છે.' 'સર્વે જીવોને સ્વઆત્મા સમાન સમભાવે જોનાર એવો શાન્ત, દાન્ત આત્મા પાપકર્મ બાંધતો નથી–પાપથી લેપાતો નથી.' એવાં અનેક પ્રમાણવાક્યો અનેક શાસ્ત્રોમાં આવેલાં નજરે પડે છે.

શાન્તા—ત્યારે તો કોઈને દુઃખ નહીં પણ સુખ આપવા સાવધાનપણે વર્તવાથીજ આપણે દુઃખમાત્રને ટાળી સુખ પામી શકીએ શું ? એમજ હોય તો આપણે હલન ચલનાદિક પણ શી રીતે કરવાં ?

કાન્તા—હલન ચલન, ખાન પાન, ભાષણ, શયનાદિક દરેક ક્રિયા કરતાં કોઇ જીવને નાહક નુકશાન ન પહોંચે તેમ સાવધાનતાથી વર્તવું જોઇએ. નહીં તો જરૂર પાપકર્મ લાગેજ અને તેના કડવાં ફળ અવશ્ય ભોગવવાં પડેજ, તેથીજ આપણા કલ્પિત સ્વાર્થની ખાતર સુખશીલતાથી કોઇ જીવને દુઃખ યા પ્રતિકૂળતા ઉપજે એવું નજ કરવું ઘટે; કેમકે એવું દુઃખ–પ્રતિકૂળતા આપણને કોઇ ઉપજાવે તે રૂચતું નથી, તે બીજાને કેમજ રૂચે ? હા, સુખ કે સાનુકૂળતા જેમ આપણને ગમે છે તેમ બીજાને પણ ગમેજ. એમ સમજી સહુને સુખ–શાન્તિ ઉપજાવવા સાવધાન રહેવું ઘટે. અન્ય જીવોને સુખ–શાન્તિમાં સ્વાર્થવશ અંતરાય કરવાથી તેવુંજ માઠું અંતરાય કર્મ બંધાય છે અને તેનું માઠું ફળ ભોગવવું પડે છે, એમ જ્ઞાની–અનુભવી જનો કહે છે. ઈતિશમ.

સ૦ મુ૦ કર્પૂરવિજયજી.

# ડહાપણભરી દયા સંબંધી સંવાદ.

શાન્તા–જીવદયા યા જયણાનો ખરો લાભ શી રીતે મળે ?

કાન્તા–દયા કે જયણાનું સ્વરૂપ સારી રીતે સમજીને પાળવાથી.

શાન્તા–તમે એ શા આધારે કહી શકો છો ?

કાન્તા–' **પઢમં નાણું તઓ દયા** ' એટલે પહેલું જ્ઞાન અને પછી દયા. અથવા 'પહેલું જાણી પછી કરે કિરિયા, તે પરમારથ સુખના દરિયા' એવા સૂકત વચનો અનેક સ્થળે જોવામાં આવે છે તેથી.

શાન્તા–સમ્યગ્જ્ઞાન શ્રદ્ધા હોય છતાં કરણી કરી ન શકતા હોય અને એકલી ક્રિયા સમ્યગ્જ્ઞાન શ્રદ્ધા વગરજ કરતા હોય તે બેમાં શ્રેષ્ઠ કોણ?

કાન્તા–ખરા જ્ઞાન ને શ્રદ્ધા વગરની એકલી કરણી મોક્ષસાધક નહીં પણ કષ્ટરૂપ લેખાય છે. અને ચારિત્ર રૂપ કરણી વગરનાં સમ્યગ્ જ્ઞાન દર્શન પરિણામે ઘણાંજ હિતસાધક હોવાથી શ્રેષ્ઠ છે.

શાન્તા–ત્યારે મોક્ષફળ મેળવવા માટે તો સમ્યગ્ જ્ઞાન, શ્રદ્ધા સાથે ખરા ચારિત્ર (સંયમ કરણી)ની પણ જરૂર ઠરી?

કાન્તા–હા, સાચી સમજ સાથે સંયમ કરણીવડેજ મોક્ષ ફળ મળી શકે છે. સાચી સમજ વગરની એકલી ક્રિયા જડ આંધળી છે અને ખરી કરણી વગરનું એકલું જ્ઞાન લૂલું પાંગળું છે. જ્ઞાન અને કરણી સાથે મળતાં ધાર્યું ફળ આપે છે.

શાન્તા–ત્યારે તો જીવદયા યા જયણાના સ્વરૂપનું રહસ્ય પ્રથમ જાણવું જરૂરનું છે. તે વગર કદાચ આડે રસ્તે ચઢી જવાય.

કાન્તા–દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા, સ્વરૂપ દયા, હેતુ દયા, નિશ્ચય દયા, વ્યવહાર દયા, અનુબંધ દયા–એમ એના અનેક ભેદ સમજવા યોગ્ય છે.

શાન્તા–એ ભેદો જરા સ્પષ્ટતાથી સમજાવો તો ઠીક.

કાન્તા--ઈંદ્રિયાદિક દ્રવ્યપ્રાણની રક્ષા કરવી તે **દ્રવ્યદયા**; જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ભાવપ્રાણની રક્ષા કરવી તે **ભાવદયા**. જે પોતાના દ્રવ્ય ભાવ પ્રાણની રક્ષા તે સ્વદયા અને પરાયા પ્રાણની રક્ષા તે પરદયા. તેજ નિશ્ચય અને વ્યવહાર દયારૂપ પણ કહેવાય. અંતરના–ભાવ લક્ષ વગર કેવળ દેખાવ માત્ર (દ્રવ્ય પ્રાણ)ની રક્ષા તે **સ્વરૂપ** દયા; જે કોઈ શુભ ઉપકરણાદિકનો યથાસ્થાને સદુપયોગ કરવાથી સ્વપર જીવની રક્ષા થાય તે હેતુદયા અને સર્વજ્ઞ–વીતરાગ પ્રભુની આજ્ઞાને અનુલક્ષી શુભ ભાવથી કરાય તે અનુબંધદયા સમજવી. એ રીતે જેમ જીવદયા યા જયણાના કેટલાએક ભેદ કહ્યા, તેમજ જીવહિંસાના ભેદ પણ સમજી લેવા.

શાન્તા–ઉપરના જીવદયા કે જયણાના ભેદો જાણીને શું કરવું?

કાન્તા–જાણીને આદરવા લાયક આદરવું ને તજવા લાયક તજવું. 'જ્ઞાન-સાચી સમજનું ફળ–પરિણામ વિરતિરૂપ કહેલું છે.' દ્રવ્યદયા કે વ્યવહાર દયા પણ આદરવી ખરી, પરંતુ તેની સાથે ભાવ યા નિશ્ચય દયાનું ખરૂં

સાધ્ય લક્ષ બહાર રાખવું નહીં, જરૂર લક્ષમાં રાખવું; દ્રવ્ય કે વ્યવહાર કરણી ભાવ કે નિશ્ચયને પેદા કરવા માટે અને તેની રક્ષા કે વૃદ્ધિ માટે થાય તેજ હિતરૂપ છે.

શાન્તા—સ્વદયા અને ભાવ દયા કે નિશ્ચય દયાને જરા સ્પષ્ટ કરશો.

કાન્તા—શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કહે છે કે—'સ્વદયા વિણ પરદયા કરવી કવણ પ્રકારે ?' એટલે સ્વ આત્મા જે જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યરૂપ છે તેની રક્ષા કે વૃદ્ધિ થાય તેવી ભાવ યા નિશ્ચયદયાના લક્ષ વગર પરજીવની દ્રવ્ય કે વ્યવહારદયા શી રીતે કરવી ? કરવાથી ફળ—પરિણામ પણ શું ? મોક્ષસાધક તો નહીંજ. શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક આત્મગુણની રક્ષા કે પૂષ્ટિ કરવાથીજ અનુક્રમે ખરો મોક્ષ થઇ શકે; તે વગરની કષ્ટ કરણીવડે બહુ તો સ્વર્ગ પ્રમુખના ક્ષણિક સુખ મળે તેથી શું વળે ? એથીજ દાન શીલ તપ સામાયિકાદિક ગમે તે ધર્મ કરણી કરતાં આપણું લક્ષ કેવળ જ્ઞાનાદિક આત્મગુણોની રક્ષા ને પૂષ્ટિનુંજ હોવું જોઇએ. એથીજ કલ્યાણ સુલભ્ય છે. આવી સન્મતિ જ્ઞાની ગુરૂની કૃપાપ્રસાદીથી સહુ ભવ્યાત્માઓને પ્રાપ્ત થાઓ ઇતિશમ્

સ. મુ. કર્પૂરવિજયજી.

## પાપથી પાપ વધે છે અને પુણ્યથી પાપ ઘટે છે અથવા અનાચારથી અનાચાર વધે છે, પણ સદાચારથી અનાચાર ટળે છે.

સ્મૃતિકારો કહે છે કે "ભાર્યા પાપ કરે તે ભર્તારને, શિષ્ય પાપ કરે તે ગુરૂને, પ્રજા પાપ કરે તે રાજાને અને રાજા પાપ કરે તે પુરોહિતને લાગે છે." એ સ્મૃતિઓનાં વચનો સુજ્ઞજનોએ વિચારવાં જેવાં છે. એનું રહસ્ય સમજી લઇ પોતાના વર્તનમાં ઉતારી અન્ય સુભગ (સદ્ભાગી) જનોને તે યથાર્થ સમજાવી તેમના વર્તનમાં ઉતારવા યોગ્ય છે. તથાપ્રકારના વ્યાજબી અંકુશ વગર નિરંકુશ સ્થિતિમાં રહેતાં સ્ત્રી સ્વેચ્છાચારી, કામાતુર, મદોન્મત્ત બને, ખોટે માર્ગે દોરવાઇ જતાં માતા પિતારૂપ ઉભય કુળને લાંછન—ડાઘ—કલંક લાગે એવાં કાળાં કામ (કુકર્મ) કરવા પ્રવર્તે એ ઉઘાડું છે. તેથીજ ગમે તેવી અવસ્થામાં તેના ઉપર યોગ્ય નિયંત્રણ રાખવુંજ પડે છે. પતિ, પુત્ર કે પિતાદિકને તેવે કોઇ પ્રસંગે પોતાની ઉચિત ફરજ સમજી પ્રમાદ રહિત—સાવધાનપણે તે ફરજ બજાવવી ઘટે છે. નહીં તો તેની સાથે પોતે પણ ઉપેક્ષા કરવાથી પાપવડે ખરડાય છે. એથી ઉલટું જ્યાં ધર્મશિક્ષણ સદાય સંભાળથી અપાય છે અને તેથીજ જ્યાં દરેક માતા, પુત્રી, કે પુત્રવધુમાં સદાચારજ પ્રવર્તી રહે છે, તે સદ્ભાગી કુટુંબનો પુણ્ય, યશ સર્વત્ર ગવાય છે અને તે સર્વતઃ સુખી થાય છે. જે સદ્ભાગી શિષ્ય સુગુરૂની હિતશિક્ષાને લક્ષપૂર્વક આદરી તપ

સંયમનો ખરો માર્ગ સેવે છે, તે સુયશ સાથે સર્વત્ર સુખ સંપદા પામે છે. પણ જે ઉલ્લંઠપણે સુગુરૂ વચન-અંકુશને અવગણી મદાંધ બની સ્વેચ્છાચારે ફરતા રહી રૂડા તપ સંયમ આચારથી ભ્રષ્ટ થઈ જાય છે, તેમના ખરેખર આખરે ભૂંડા હાલજ થાય છે. તેવા કુશિષ્યોને જો મોહવશ ગુરૂ પંપાળે છે, તો તેઓ પણ પાપની પૂષ્ટિ કરી દુર્ગતિનાજ ભાગી બને છે. સુનીતિ રીતિથી પ્રજાનું રક્ષણ પાલન કરી તેને સમૃદ્ધ બનાવી પ્રજાના મનને રંજિત કરનાર ખરો રાજા લેખાય છે. એવા સુયોગ્ય રાજાના શાસનને માન આપી વફાદાર રહેનારી પ્રજાજ ખરી ઉન્નતિ સાધી સુખી થઇ શકે છે. તે જો મોજશોખમાં પડી નિરંકુશપણે પાપ-અનીતિ આદરે છે અને એવાં પાપ-વ્યસનથી પ્રેરાઈ રાજા પ્રજાને બચાવવા કશું કરતો નથી, ત્યારે રાજા પ્રજા બંનેની બુરી દશા થાય છે. જો ધર્મગુરૂ ધર્મબોધ આપી તેને ખરે માર્ગે દોરવામાં પ્રમાદ કરે છે, તો તે પણ પાપભાગી થવા પામે છે. ઇતિશમ્.

સ. મુ. કર્પૂરવિજયજી.

# જયા અને વિજયા એ બે બ્હેનો વચ્ચે થયેલ તત્ત્વ-વિચારણા વિષયે સંવાદ.

જયા-આપણામાં અન્ય પ્રાણીઓ કરતાં અધિક બુદ્ધિબળ છે તેનું ફળ શું ?

વિજયા-તત્ત્વનો વિચાર કરવો, ખરૂં-ખોટું, હિત-અહિત, કર્તવ્યાકર્તવ્ય, ગુણદોષ, લાભાલાભ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય ને ગમ્યાગમ્યને બરાબર સમજી, ખરૂં હિતકારી કર્તવ્ય આદરવું ને એથી ઉલટું હોય તે તજવા મનમાં નક્કી કરવું અને એજ પ્રમાણે દઢતાથી વર્તવાનો સફળ પ્રયત્ન સેવવો. એજ સદ્‌બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ લેખાય છે.

જયા-તત્ત્વ સંબંધી જરા સ્પષ્ટતાથી ખુલાસો કરો તો સારૂં.

વિજયા-તત્ત્વ એટલે વસ્તુનું યથાર્થ સ્વરૂપ. મૂળ તો જગતમાં **જીવ** અને **અજીવ** એ બે વસ્તુઓજ છે. તેમાં દ્રવ્ય ભાવ પ્રાણથી જે જીવે તે **જીવ.** ઇન્દ્રિયાદિક દશ **બાહ્યપ્રાણ** તે **દ્રવ્યપ્રાણ** અને જ્ઞાન દર્શન ચારિત્રાદિક **અંતરપ્રાણ** તે **ભાવપ્રાણ**. સંસારી અને સિદ્ધ એમ મુખ્ય બે પ્રકારના જીવો છે. ચારે ગતિના જીવો સંસારી કહેવાય છે અને તેમાંથી સાવ છુટા થયેલા હોય તે સિદ્ધ કે **મુક્ત** કહેવાય છે. સંસારી જીવોને દ્રવ્ય ભાવ પ્રાણ સ્વ સ્વ ક્ષયોપશમાદિ અનુસારે હોય છે. ત્યારે સિદ્ધ-મુક્ત જીવો માત્ર અનંત જ્ઞાન દર્શનાદિ ભાવપ્રાણવાળા એક સરખાજ હોય છે, એજ એમનું લક્ષણ

છે. એથી ઉલટું લક્ષણ જડ અજીવનું જાણવું. તે પણ રૂપી અને અરૂપી એમ બે પ્રકારના હોય છે. પુદ્ગળ રૂપી અને ધર્મ અધર્મ–આકાશાદિક અરૂપી જાણવા. એ બે તત્ત્વ ઉપરાંત પુણ્ય પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત અવાંતર તત્ત્વો છે. તેમાંથી જે પ્રત્યેક આત્માને સંસારમાં જકડી રાખે છે તે પાપાદિક તજવા લાયક અને જે સંવરાદિક તત્ત્વ ભવ્યાત્માઓને સંસાર બંધનથી સાવ મુકત કરી શકે છે, તે અવશ્ય આદરવા લાયક છે. વળી દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વો સમજવા લાયક છે. રાગ દ્વેષ અને મોહાદિક દુષ્ટ દોષમાત્ર જેમના સર્વથા નષ્ટ થયા હોય તે સર્વદા વીતરાગ–પરમાત્મા-દેવાધિદેવ જાણવા. અહિંસાદિક મહાવ્રતોને પ્રમાદ રહિત પાળનારા અને સદાચારનો પ્રકાશ કરી ભવ્યાત્માઓને તેમાં સ્થાપનારા નિર્ગ્રંથ–સાધુ જનોને સુગુરૂ જાણવા તથા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અથવા દાન, શીલ, તપ ને ભાવરૂપ અથવા સાધુ કે ગૃહસ્થ યોગ્ય વ્યવહારવડે જે અનંત જ્ઞાનાદિક નિશ્ચયધર્મ પામી શકાય છે, તે સર્વજ્ઞ સર્વદર્શી કથિત હોવાથી કલ્યાણકારી જાણી પ્રમાદ રહિત આદરવા યોગ્ય છે.

જયા–દશ દ્રષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવાદિ સુસામગ્રી પામ્યાનું શું ફળ છે? શું કરવાથી એની સાર્થકતા–સફળતા થઇ શકે છે ?

વિજયા–સ્વબુદ્ધિ બળથી હિતાહિતનો નિશ્ચય કરી લઇને યથાશક્તિ (શક્તિને ગોપવ્યા વગર) વ્રત નિયમ આદરવા અને તે વ્રત નિયમાદિકને પ્રમાદરહિત સાવધાનતાથી પાળવાં, એ આ અમૂલ્ય માનવભવાદિક દુર્લભ સામગ્રી પામ્યાનું ફળ છે.

જયા–વ્રત નિયમરૂપી ચારિત્રનો પાયો શી રીતે નાખવો જોઇએ ?

વિજયા–ન્યાય, નીતિ ને પ્રમાણિકતાથી નિર્દોષ પ્રાય વ્યવસાયવડે આજીવિકા ચલાવવી, વિનય વિવેકભર્યા વર્તનથી કુટુંબપાલન કરવું, કામ, ક્રોધ, મોહ, મદ, હર્ષ અને અહંકાર એ છ શત્રુને દાબવા ઇ૦ ઇ૦ માર્ગાનુસારી પણાના ૩૫ લક્ષણો તથા ગંભીરતા, કૃતજ્ઞતા, કાર્યદક્ષતા ( ચકોરતા ) અને પરોપકાર રસિકતાદિક ધર્મપ્રાપ્તિ માટે જરૂરના ૨૧ ગુણો મેળવવા ભારે કાળજી રાખવી, અપરાધીનું પણ અહિત કરવા મન ન થાય, જેમ એવા સાંસારિક સુખથી વિરક્ત રહી મોક્ષ ભણીજ સ્થિર લક્ષ બંધાય, ઇ૦ લક્ષણવાળું સમકિત રત્ન સાચવટથી મેળવી ભારે કાળજીથી તેનું રક્ષણ કરવામાં આવે, એ રીતે ખરો પાયો નાંખવો અને તેના ઉપર સાધુ કે ગૃહસ્થ (શ્રાવક) યોગ્ય વ્રતરૂપ–ઈમારત ચણવી ઘટે

જયા–એ હેતુ પાર પાડવા કેવી રીતે શરૂઆત કરવી જોઇએ ?

વિજયા–શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મનું ખરૂં આદર્શ નજર આગળ રાખી તેવા થવા માટે તુચ્છ વિષયવાસનાઓ તજી સાત પ્રકારની શુદ્ધિ સાચવીને તેમની સેવા–ઉપાસના પૂર્ણ પ્રેમ ભક્તિથી કરવા કાયમને માટે લક્ષ રાખવું.

જયા–એ સાત શુદ્ધિની કંઇક સમજ કૃપા કરીને આપી કૃતાર્થ કરો.

વિજયા–૧–શરીર શુદ્ધિ, ૨–વસ્ત્ર શુદ્ધિ, ૩–ચિત્ત શુદ્ધિ, ૪–ભૂમિકા શુદ્ધિ, ૫–પૂજોપગરણ શુદ્ધિ, ૬–ન્યાય ઉપાર્જિત દ્રવ્ય અને ૭–વિધિ શુદ્ધિ એ સાત સદાય સાચવીનેજ દેવ, ગુરૂ, સંઘ, સાધર્મિક (તીર્થ) ભક્તિ ઉલ્લસિત ભાવથી કરવી ઘટે.

જયા–બ્હેન ! આજ કાલ આમાં ભારે ગોટાળો વળતો જણાય છે, તેનું કેમ?

વિજયા–એવી બધી ભ્રષ્ટતા–મલીનતા દૂર ટાળવા જરૂર ચીવટ રાખવી જોઇએ.

જયા–પુણ્યયોગે પૈસા પામ્યાનું ફળ શું ? ખાવાપીવા કે એશઆરામમાંજ વાપરવા એ ?

વિજયા–નહીંજ, સઠેકાણે તેનો વિવેકથી ઉપયોગ કરવો ઘટે, એથી અનંતો લાભ મળે છે. તે પૈસો છતાં કૃપણતા કરનાર પોતાનુંજ બગાડે છે. ઉદાર દીલથીજ પોતાનું સુધરી શકે છે.

જયા–બ્હેન ! વાચા શક્તિ પામ્યાનું ફળ શું ?

વિજયા–જીભને કાબૂ–કબજામાં રાખીને સ્વપર (અનેક) નું હિત–સુખ–કલ્યાણ થાય એવું મિષ્ટ ને ડહાપણ ભર્યું કશા વિરોધ વગરનુંજ વિચારીને બોલવું એજ બીજા અનેક પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ વચનબળ પામ્યાનું સુંદર કલ્યાણકારી ફળ લેખી શકાય.

જયા–બ્હેન ! આજ કાલ બોલવા ચાલવામાં ઘટતો વિવેક–શું બોલવું ને શું ન બોલવું, કયારે કેવી સભ્યતા રાખીને કેટલું બોલવું, એ વિવેક લગભગ ભૂલાઈ–ભૂંસાઇ ગયો છે; અને વિષય કષાયવશ સ્વાર્થઅંધ બની જેમ આવે તેમ મુગ્ધ ભાઈ બ્હેનો ભરડી નાંખે છે. અર્થહિન પ્રયોજન વગર બકયા કરે છે, અથવા અનર્થકારી વચનોવડે કલેશ કંકાશ કે વૈર વિરોધને ઉપજાવે છે, જેનું ભારે અનિષ્ટ પરિણામ અહીંજ આવે છે, તો પછી પરભવમાં કેવાં માઠાં ફળ ભોગવવા પડતાં હશે તે કહો.

વિજયા–જયા બ્હેન ! અહીં જે કંઈક અનિષ્ટ પરિણામ આવતાં જણાય છે, તે પરભવમાં ભોગવવા પડતાં મહામાઠાં ફળની વાનગી માત્ર હોઇ તે અહીં કરતાં ઘણા ગણાં કડવાં સમજી લેવાં જોઇએ. એવાં અનિષ્ટ પરિણામથી સદંતર બચી જવા ઇચ્છતા ભાઈ બ્હેનોએ પોતાનાં મન વચન કાયા કે વિચાર વાણી ને આચાર ઉપર ઠીક સંયમ કે નિગ્રહ રાખતાં શીખવું જોઇએ. તેમની વિષમતા યા વક્રતા ટાળી સમાનતા યા સરલતા આદરવી જોઇએ.

મલીનતા દૂર કરી પવિત્રતા દાખલ કરવી જોઈએ. મધુરી વિણાના દ્રઢ વ્યવસ્થિત તારની પેરે પોતાનાં વિચાર વાણી ને આચારની એકતા–સમાનતા–વ્યવસ્થિતતા સાથે પવિત્રતા જાળવી રાખવાથીજ સ્વપરનું હિત સાધી શકાય છે, એથીજ ઉન્નતિ થાય છે ને અન્યથા અવનતિ થવા પામે છે.

જયા–જીવો સ્વેચ્છાચાર યા સ્વચ્છંદતાથી પાપાચરણ કર્યા કરે છે, તેનું ઓછામાં ઓછું ને વધારેમાં વધારે કેટલા ગણું કડવું ફળ તેમને વ્હેલું મોડું ભોગવવું પડતું હશે ?

વિજયા–ઓછામાં ઓછું દશગણું અને તે પાપ જો તીવ્ર ભાવે ખુબ રાચી માચીને કરવામાં આવે તો સો ગણું, હજાર ગણું એમ વધતું વધતું કડવું ફળ–પરિણામ પોતાની માઠી કરણી મુજબ ભોગવવું પડે છે. એથીજ પાપકર્મથી ડરતાં રહેવું ને ધર્મકરણીમાં ઉજમાળ રહેવું કે જેથી અનુક્રમે દુઃખ માત્રનો અંત થાય અને સુખશાન્તિ સહેજે આવી મળે. ઇતિશમ્.

સ૦ મુ૦ કર્પૂરવિજયજી.

# जैनो अने दया.

( અનુસંધાન પૃષ્ટ ૨૪૦ થી )

## સ્વરૂપદયા–અનુબંધદયા

આ બંને પ્રકારની દયા ‘ પરિણામ ’ ને અથવા પરિણતિને અનુલક્ષીને યોજાઇ હોય એમ જણાય છે. અમુક બાબત દેખવામાં દયા જણાય પણ તેનું પરિણામ છેવટે શું આવે છે, તે પર આ બન્ને પ્રકારની દયાનો આધાર રચાયો હોય એમ લાગે છે; તે દયા પાળતી વખતે મનની પરિણતિ કેવી છે તે પર પણ લક્ષ્ય રાખવાનું રહે છે. આ બાબત જરા વધારે ગુંચવણ ઉભી કરે તેવી છે, તેથી કેટલાક દાખલા લેશું ત્યારે તે બન્ને વચ્ચેનો તફાવત ખ્યાલમાં આવશે.

અંદરની પરિણતિ કેવા પ્રકારની વર્તે છે તે બહુ મુદ્દાનો સવાલ છે. ઘણીવાર પ્રાણીઓ બહારના દેખાવ ઉપરથી ભોળવાઇ જાય છે. આ પ્રાણી દુનિયા પાસે વખાણ મેળવવા અથવા પોતાનું સમાજમાં સ્થાન જાળવી રાખવા ઘણી વખત અંતરની ઇચ્છા ન હોવા છતાં ઘણાં કાર્યો એવાં કરે છે કે જેને ઉપર ઉપરની નજરે સારાં અથવા ખરાબ કહેવા લલચાઈ જવાય, પરંતુ અમુક કાર્યની તુલના આંતર પરિણતિપર ખાસ કરીને આધાર રાખે છે, તે તે વખતે લક્ષ્યમાં રહેતું નથી. સ્વરૂપદયાની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે–‘ પૌદ્ગલિક

સુખની આશાએ અથવા દેખાદેખીએ દયા પાળવામાં આવે તેને સ્વરૂપદયા કહે છે.'

કેટલાકને એમ સમજવામાં આવ્યું હોય છે કે—દયા પાળવાથી શરીરની તંદુરસ્તી જળવાય છે, શરીર મજબૂત થાય છે, આયુષ્ય લાંબુ થાય છે વિગેરે. આવી અપેક્ષા દયા પાળવામાં હોય તો તેને શાસ્ત્રકાર 'સ્વરૂપદયા ' કહે છે. એ દયા દેખાવ માત્ર છે. એને પરિણામે લોકોમાં પ્રતિષ્ઠા વધે છે, આબરૂ જામે છે, કીર્તિ પ્રસરે છે, સભામાં અગ્રસ્થાન મળે છે, મોટા હોદ્દાઓ સમાજમાં કે રાજ્યમાં મળે છે, શરીર તંદુરસ્ત રહે છે વિગેરે સાંસારિક લાભો અનેક પ્રકારના થાય છે, સંસારમાં આનંદથી રહેવાય છે, સંસારને વધારે ચોંટતા જવાય છે અને એથી સંસાર સારો છે, રહેવા લાયક છે, ભોગવવા યોગ્ય છે એવું પણ કોઇ કોઇવાર લાગી જાય છે; પણ ત્યાં સ્વરૂપદયાથી થતા ફળનો છેડો આવે છે. આત્માના વિકાસને અંગે એ દયા કાંઈ પણ લાભ કરતી નથી.

આ જીવનનો ઉદ્દેશ સંસારનાં ફળો ભોગવવાનો તથા સંસારમાં રહી ઇંદ્રિયોને તૃપ્ત કરવાનો નથી, આનંદ મોજમજા ભોગવવામાં કર્તવ્યતા માનવાનો નથી, લોકોના વખાણુમાં જીવનફળ સમાવવાનો નથી; આ જીવનની ફત્તેહ આત્માના વિકાસપર, એને માર્ગસન્મુખ લઈ આવવા પર, એને સંસારથી ઉંચો લઇ આવવાપર છે અને એ કાર્યમાં જેટલો પ્રયત્ન થઈ શકે તેટલે અંશે જીવન સફળ છે. જો અશુદ્ધ આદર્શ કે વિભાવરમણુતાને પરિણામે અંદરનો આશય સંસાર તરફ રહે, લોકખ્યાતિ કે જનરંજનપર દોર બંધાઇ જવાની પ્રકૃતિ પડે તો આખો ભવ લગભગ ફોગટ ફેરા જેવો થઇ પડે છે. આવા ઉદ્દેશથી પ્રેરાયલી દયાને સ્વરૂપદયા કહેવામાં આવે છે. દયા પાળવાને પરિણામે આરોગ્ય વધે, આયુષ્ય વધે, માન પ્રતિષ્ઠા વધે એ તદ્દન જૂદી વાત છે અને તેજ થવાના ઉદ્દેશથી દયા પાળવી એ જૂદી વાત છે. વ્યવહારૂ કે આત્મિક સુંદર લાભ થવો એ દયાનું અનિવાર્ય પરિણામ છે, પણ એવું પરિણામ લાવવાના ઉદ્દેશથી દયા પાળવી એ વસ્તુસ્વરૂપનું અજ્ઞાન છે.

અમે જૈન છીએ માટે અમારે પાંજરાપોળ નિભાવવી જોઇએ, એવા એક વાક્યમાં ઘણા ભાવ રહે. જૈન તરીકેના અભિમાનમાં સંસાર છે અને જૈન તરીકેની ફરજના ખ્યાલમાં સંસારથી વિરક્ત ભાવ છે. પાંજરાપોળનું સુંદર કાર્ય સુંદર રીતે કરવાને પરિણામે લોકો વખાણ કરે એ એનું અનિવાર્ય પરિણામ છે અને તેવા વખાણ મેળવવાના ઈરાદાથી કાર્ય કરવું એ સંસાર છે—સ્વરૂપ દયા છે. કુમારપાળ રાજા જૈન હતા તે જાણે તેમ દયા પાળીએ તો રાજ્યમાં સારી નોકરી મળે, રાજા અવારનવાર માન આપે, એવો ભાવ હોય અને દયા પળે તો તે સ્વરૂપ દયા છે અને દયા પાળવાના પરિણામે રાજા બોલાવીને

મહાન્ અધિકારની જવાબદારી સોંપે, એ જૂદી વાત છે. મતલબ સંસારવાસનામાં, મનોવિકારની તૃપ્તિમાં અને ઉપર ઉપરના દેખાવમાં અથવા ગતાનુગતિકપણે દયા પાળવામાં 'સ્વરૂપદયા' નો સમાવેશ થાય છે. અત્ર ઉદ્દેશ સ્વરૂપદયાનો ઉતારી પાડવાનો નથી, એ પણ પળે તેટલે અંશે દયાજ છે, પરંતુ એનાથી થતો લાભ આત્માર્થે કરેલા કાર્યના પ્રમાણમાં ઘણો ઓછો આવે છે, લગભગ કાંઇ આવતો નથી, એમ કહેવાનો ઉદ્દેશ છે.

પુણ્યનો એક જરા વિચાર કરીએ. પુણ્યકાર્ય વ્યવહાર નજરે કરવા યોગ્ય છે, પણ સાધ્યની નજરે તે પણ સોનાની બેડી છે. પુણ્યકર્મ આખરે તો કર્મજ છે અને સર્વ કર્મની પેઠે તેને ભોગવવાં પડે છે, કેટલીકવાર ઘણું પુણ્ય બાકી રહી જાય તો સંસારમાં વધારે વખત રહેવું પડે છે,[1] અને સંસારનો વૈભવ ગમે તેટલો ઉંચા પ્રકારનો હોય પણ નિરાબાધ ભક્તિના સુખ પાસે તે બિસાત વગરનો છે. આ દૃષ્ટિમાં રહેલો મર્મ જ્યારે બરાબર લક્ષ્યમાં આવે ત્યારે સ્વરૂપ દયાનું જૈનશાસ્ત્રમાં કયું સ્થાન છે તે સમજાય. એને ઉતારી પાડવાનો સવાલ અત્ર નથી, પણ જે વિશુદ્ધ સાધ્ય દૃષ્ટિવાળા પ્રાણીઓ વર્તન કરે છે તેની અપેક્ષાએ એ કોઇ ચીજ નથી, એ કાંઇ નથી. અથવા શુદ્ધ સાપેક્ષ નજરે એની કિંમત નથી. દયા ન પાળનાર કરતાં સ્વરૂપદયા પાળનાર ઘણો સારો છે. માર્ગ પર આવી જવાનો તેને સંભવ છે, પરંતુ શુદ્ધ દૃષ્ટિએ હજુ બહારની ભૂમિકામાં છે, અને અંતરંગ રાજ્યનો સ્પર્શ થયો નથી, આત્મધર્મ તરફ સારી સન્મુખતા થઇ નથી.

આંતર પરિણતિ અને સામાપર થતાં પરિણામો કેવી અસર ઉત્પન્ન કરે છે, તે અનુબંધ દયાના સ્વરૂપની વિચારણા કરતાં બરાબર સમજાઇ જાય તેમ છે. સ્વરૂપદયામાં બાહ્ય નજરે દયા હોવા છતાં પરિણામ જોઇએ એવું આવતું નથી; ત્યારે અનુબંધ દયામાં બાહ્ય નજરે હિંસા અથવા દયાનો અભાવ હોવા છતાં પરિણામ દયાનું આવે છે. આ વાકયમાં પ્રત્યક્ષ વિરોધ છે, તેને આપણે દાખલા લઇ વિચારીશું. આ અગત્યના સવાલમાં સાપેક્ષવાદ question of relative duties પર વિચાર કરવાનો આવશે. અતિ મહત્વના પ્રશ્નો અહીં ઉભા થાય છે, તે મારી દૃષ્ટિએ મેં અહીં વિચાર્યા છે.

સ્વરૂપદયામાં બાહ્ય નજરે દયા આવે છે, ત્યારે અનુબંધ દયામાં બાહ્ય નજરે હિંસા પણ આવે છે. એ બંનેમાં આંતરઆશય વિચારાય છે. તોફાન કરતા

---

૧ અનુત્તર વિમાનના જીવોને લવસત્તમસુરો કહેવામાં આવે છે, તે પુણ્યનો વધારો થવાથી અને તે વધારાની નિર્જરા કરવા માટે જોઇતો સાત લવનો કાળ ન મળવાથી સંસારમાં તેમને વૈભવ ભોગવવા રહેવું પડે છે.

પુત્રને શિક્ષા કરવામાં પિતાને દ્રવ્ય હિંસા થાય પણ તેનો આશય પુત્રને માર્ગે લઇ આવવાનો છે, તેથી તે અનુબંધ દયા છે; શિષ્યને ઠેકાણે લાવવા ગુરૂમહારાજ તાડના તર્જના કરે તે પણ ઉક્ત નજરે અનુબંધ દયા છે, શાસનહિતના કાર્ય સારૂ મોટા સમારંભ કરવામાં આવે ત્યારે સમારંભને અંગે નાના જીવોનો નાશ થાય છે, પણ એમાં આશય હિંસા કરવાનો નથી, પણ શાસનહિતનો છે, તેથી અનુબંધદયા કહેવાય છે. જળની, પુષ્પની, ફળની વિવેક પુરઃસર પૂજા કરતાં એકેંદ્રિય જીવોને કિલામણા ઉપજે છે, પણ આશય ભક્તિનો છે, તેથી તે અનુબંધ દયા છે. તેવીજ રીતે રથયાત્રા, ગુરૂને સામૈયા, અષ્ટાન્હિક મહોત્સવ, મહા પૂજા, અષ્ટોત્તરી સ્નાત્ર, ગુરૂવંદન, સાધુ સન્મુખ ગમન, તીર્થયાત્રા, ચૈત્ય પ્રતિષ્ઠા મહોત્સવ, સામાજિક પરિષદો વિગેરે અનેક પ્રસંગોમાં આશય શુભ હોવાથી કાર્યાન્તરમાં થઇ જતી હિંસાને મુખ્યતા ન આપતાં પરિણામપર નજર રાખી તે સર્વનો અનુબંધ દયામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

તેટલા માટે જૈનશાસ્ત્રકાર અનેક જગોએ કહે છે કે—" જૈન શાસ્ત્રમાં કોઇ વાતનો સર્વથા નિષેધ નથી અને સર્વથા આજ્ઞા પણ નથી. લાભના આકાંક્ષી વાણીઆની પેઠે આય અને વ્યયની તુલના કરવી અને જે વાતમાં નુકશાન કરતાં સરવાળે સાચો લાભ વધારે થતો હોય તે કાર્ય કરવું. " કેટલાક કાર્યમાં થોડે નુકશાને વધારે લાભ થતો હોય, પાંચ પચીશ રૂપીઆના ખરચે ૧૦૦૦ કે ૫૦૦૦ નો લાભ થતો હોય તો તે કામ જરૂર કરવા યોગ્ય ગણાય, તેવો વેપાર જરૂર ખેડવા યોગ્ય ગણાય. ઉપરના સર્વ કાર્યોનો સમાવેશ આ સૂત્રમાં આવતો હોય એમ જણાય છે અને તેથી જિનાજ્ઞા પ્રમાણે એ કાર્ય કર્તવ્ય મનાય છે, જરૂર કરવા યોગ્ય ગણાય છે અને તેમ હોઇ તેવા કાર્યનો અનુબંધ દયામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્વરૂપદયામાં ઉપર ઉપરથી દયા દેખાય છે પણ તેથી સંસારવૃદ્ધિજ થાય છે અને ગમે તે કાર્યથી સંસાર વધે તે એકંદરે લાભ કરનાર ન ગણાય, તેટલે અંશે સ્વરૂપ દયાનો દરજ્જો ઓછો ગણાય. અત્ર દયાના દરજ્જા વિચારવાના નથી, તે વિચાર તો અધિકારીએ કરવાનો છે. અહીં તો સ્વરૂપ દર્શન કરાવ્યું છે. અમુક પ્રકારના કાર્યનું પરિણામ સંસારવૃદ્ધિમાં આવે અને તેના ભીતરમાં દયા જણાતી હોય તો તેને 'સ્વરૂપ દયા' કહેવી. અમુક કાર્ય ઉપર ઉપરથી હિંસાની કોટિમાં આવતું હોય, પણ તેમાં અંદરનો આશય અને પરિણામ શુભ હોય, શુદ્ધ હોય, તો તે કાર્યને અનુબંધ દયામાં ગણવું. બાહ્ય નજરે હિંસા હોય અને પરિણામમાં સંસારવૃદ્ધિ થતી હોય તેવાં કાર્યનો સ્વરૂપદયા કે અનુબંધદયા બંનેમાં સમાવેશ થતો નથી, તેમજ બાહ્ય નજરે

હિંસા ન હોય પણ દયા હોય અને આંતર આશય પણ શુદ્ધ હોય અને પરિણામ આત્મવિકાસ સન્મુખ હોય તેવાં કાર્યનો પણ આ બંને પ્રકારની દયામાં સમાવેશ થતો નથી.[1] આ છેલ્લી નજરે વિચારતાં આ બન્ને પ્રકારમાં કેટલાક કાર્યો બાકી રહી જાય છે અને તેટલે અંશે આ વિભાગ મને અપૂર્ણ લાગે છે.

આ અનુબંધ દયામાં એક ઘણો વિચારવા યોગ્ય સવાલ ઉભો થતો લાગે છે. જંગલમાં સાધુ વિચરતા હોય, સામેથી સિંહ આવતો હોય, સાધુઓમાંથી એક ઘણા બળવાન્ હોય, સર્વે સાધુની રક્ષાનો આધાર સિંહના નાશપર લટકતો હોય, તે વખતે એ શક્તિવાન્ સાધુ સર્વ સાધુને બચાવે કે જીવવધનો વિચાર કરી સિંહને મારે નહિ ? આ એક અપેક્ષાવાદનો પ્રશ્ન છે. સાધુને વીશવસા દયા પાળવી રહી એટલે મને જવાબમાં ઘણી મુશ્કેલી લાગે છે. એજ જગોએ શ્રાવક હોય તો જવાબ ખુલ્લો છે. એને પોતાના અને સાથેના બચાવ ખાતર સિંહનો નાશ કરવો પડે તો મારા વિચાર પ્રમાણે એ કાર્ય અનુબંધ દયામાં આવી જાય. સાધુ પણ અપેક્ષાવાદના અધિકારી હોય તો બીજો રસ્તો ન લે એમ મને લાગે છે. એવીજ રીતે સર્પ ડસવા દોડ્યો આવતો હોય તે વખતે કયો માર્ગ લેવો ? એમાં સર્પને ચાલ્યો જવા દેવો કે એવી વાતો કરવી નકામી છે. ચાલે ત્યાંસુધી તો કોઇ જીવવધ કરેજ નહિ, પણ ભયંકર પરિસ્થિતિમાં એને હિંસક જીવોનો નાશ પોતાના કે પરના બચાવને અંગે કરવો પડે તો તેમાં મને અનુબંધ દયા લાગે છે. શાસ્ત્રમાં આ સવાલ પર ખુલાસા જરૂર હોવા જોઇએ તે રજુ થવા યોગ્ય છે. મેં આ પ્રશ્નોનો જવાબ મારી ધારણા પ્રમાણે લખ્યો છે.

ડાકટર ઓપરેશન કરે તેમાં કોઈવાર મરણ પણ થઈ જાય, પણ તેમાં ડાકટરનો આશય દરદીને વ્યાધિથી મુક્ત કરાવવાનો હોય તો તે અનુબંધ દયા છે. જજ્જ પોતાની ફરજને અંગે કાયદાસર જુબાનીને પરિણામે ખુન કરનારને ફાંસીની સજા કરે તેમાં તેનો આશય સમાજના જાનમાલની સલામતિનો હોઇ તેને હિંસાનાં ફળ ચાખવા પડતા નથી, તે કાર્યનો સમાવેશ અનુબંધ દયામાં થાય છે. જૈન નજરે કદાચ આ વાત બંધબેસતી નહિ લાગે, લોકો એવોજ જવાબ આપશે કે જજ્જનો હોદ્દો લેવોજ નહિ, પરંતુ એ મૂળ પ્રશ્નને ઉડાવવાની વાત છે; સમાજમાં સર્વ પ્રાણી સરખા હોતા નથી, સમાજની સ્થિતિ હોય ત્યાં સુધી ન્યાયાસનની જરૂર છે અને તેથી સમાજના સ્વીકારેલા ધોરણ પ્રમાણે સજા કરવાની ફરજ છે અને ફરજને અંગે થતાં કાર્યમાં હિંસાનો આરોપ થાય તો આખી દયાની વ્યાખ્યા ઉથલાઈ જાય છે. આ સર્વ અપેક્ષાવાદના પ્રશ્નો છે. એવા

૧ અનુબંધ દયામાં એનો સમાવેશ થાય છે. તંત્રી

અનેક દાખલાઓ આપી શકાય તેમ છે અને તે બહુ વિચાર કરવા યોગ્ય છે. એની વિચારણામાં સમાજની વ્યવસ્થા ખ્યાલમાં રાખવાની જરૂર છે, ગોટાવાળી પ્રશ્નનો યોગ્ય ઉત્તર ન આપવો એ કાંઈ જવાબ નથી, જંગલમાં ઉભા રહેલા સાધુને શીકારી પૂછે કે હરણુ કઇ દિશાએ ગયું તેનો જવાબ સાધુ ન આપે તે યોગ્ય છે, તેને જવાબ આપવા સાધુ બંધાયલા નથી; પરંતુ માજીસ્ટ્રેટને જવાબ આપવોજ પડે, તેણે તો કેસનો ફેસલો કરવોજ પડે, તેથી ઉપરના કાર્યને મેં અનુબંધ દયામાં ગણ્યું છે.

ગુન્હા અને સજા આખી સમાજ પર અસર કરનાર થાય છે, સમાજની સ્થિરતા ગુન્હાની અલ્પતામાં છે, ગુન્હાની અલ્પતા ગુન્હેગારની થવાની સજાના ભયમાં છે, સજાનો ભય સત્તા અને સમાજના નિર્ણયપર આધાર રાખે છે અને તેથી ફોજદારી ગુન્હાને ઘણુંખરૂં સમાજની વિરૂદ્ધના ગુન્હા ગણવામાં આવ્યા છે. જાનમાલની સલામતિવગર શાંતિ મળતી નથી, શાંતિ વગર સ્થિરતા નથી અને સ્થિરતા વગર મુક્તિ નથી; તેથી જાનમાલની સલામતિનું કાર્ય સમાજના એક ખાસ જરૂરી અંગ તરીકે ગણવામાં આવ્યું છે. અત્ર ફાંસીની સજાનો બચાવ કરવાનો આશય નથી. એ સંબંધી ઘણો મતભેદ છે. મોટા વિચારકો એની અસરના સંબંધમાં બે મતમાં વહેંચાયલા છે; પણ સમાજ જે ન્યાયનું ધોરણ સ્વીકારે તે ધોરણે ન્યાયાધીશને પૂરતી જુબાની પછી નિર્ણય કરવાનો રહે તો તે નિર્ણયને અનુબંધ દયાનું નામ આપવું યોગ્ય ગણાય એમ મારો મત છે. આ સંબંધમાં શાસ્ત્રના લેખો બીજી રીતે હોય તો તે વિચારવામાં કોઇને વાંધો હોઈ શકે નહિ. અભ્યાસીઓને તે પર પ્રકાશ પાડવા અભ્યર્થના છે.

અપૂર્ણ. મૌક્તિક.

## પ્રશ્નોત્તર સાર્ધશતકગત પ્રશ્નોત્તરો.

( અનુસંધાન પૃષ્ટ ૨૪૪ થી )

પ્ર૦ ૧૭–સેવાર્ત્ત સંહનનવાળા જીવ ઉર્ધ્વ અને અધો ક્યાં સુધી ઉપજે ?

ઉ૦–ઉર્ધ્વ ચોથા દેવલોક સુધી અને અધો બીજી નરક સુધી ઉપજે સેવાર્ત્ત સહનનવાળા જીવો જઘન્ય બળવાળા હોય છે તેથી તેના શુભ કે અશુભ પરિણામ પણ મંદજ હોય છે, તીવ્ર હોતા નથી, તેથી શુભ કે અશુભ કર્મનો બંધ પણ તેને સ્વલ્પતર થાય છે.

પ્ર૦ ૧૮–આ શરીર મૂકી દેવાને સમયે જીવ કયે કયે સ્થાનેથી તેમાંથી નીકળે છે અને કઇ કઈ ગતિમાં જાય છે ?

ઉ૦–પગેથી નીકળતો નરકે જાય છે, ઉરૂ ( સાથળ)થી નીકળતો તિર્યંચમાં જાય છે, હૃદયથી નીકળતો મનુષ્ય થાય છે, મસ્તકેથી નીકળતો દેવ થાય છે અને સર્વ અંગથી નીકળતો સિદ્ધ થાય છે.

પ્ર૦ ૧૯–સ્ત્યાનર્દ્ધિ (થીણદ્ધિ) નિદ્રાવાળા જીવનું બળ વાસુદેવ કરતાં અર્ધ કહ્યું છે, તેવી નિદ્રાવાળા ને તેટલા બળવાળા જીવો આ કાળે હોય કે નહીં ?

ઉ૦–આ કાળમાં આ ક્ષેત્રમાં તેટલા બળવાળા ન હોય, કારણકે તેટલું બળ પ્રથમ સંહનનીનું કહ્યું છે. આ કાળમાં તે નિદ્રાવાળા જીવો હોય પણ તેનું બળ સામાન્ય જીવો કરતાં બમણું, ત્રણગણું કે ચારગણું હોય.

પ્ર૦ ૨૦–સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય સતે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય કે નહિ?

ઉ૦–ન થાય, કર્મગ્રંથાદિકમાં પ્રમત્ત ગુણસ્થાન પર્યંત સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય કહ્યો છે તે મતાંતર જણાય છે, અથવા પૂર્વ પ્રાપ્ત સમ્યક્ત્વાદિ જીવોને સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય થઇ શકે એમ ધારીને કહ્યું હશે એમ જણાય છે. તત્ત્વજ્ઞાની ગમ્ય.

પ્ર૦ ૨૧–એક ભવમાં એક જીવને કેટલા વેદનો ઉદય હોય ?

ઉ૦–કર્મની વિચિત્રતાથી કોઇ જીવને એક ભવમાં ત્રણે વેદનો ઉદય પણ હોય. એક શય્યાતરની પુત્રીમાં આસક્ત થયેલા કપિલ નામના લઘુ શિષ્ય માટે કહેલ છે કે પ્રથમ તે પુરૂષવેદી હતો, પછી તેનું પુરૂષચિન્હ છેદવાથી નપુંસક થયો અને પછી ત્યાં છીદ્ર થઈ જવાથી સ્ત્રી વેદનો ઉદય થયો.

પ્ર૦ ૨૨–પ્રમાદયુક્ત સરાગસંયમી મુનિને અલ્પ ઋદ્ધિવાળો પ્રત્યનીક દેવતા છળે એમ સાંભળીએ છીએ પણ યતનાયુક્ત સરાગસંયમીને તેવો અલ્પઋદ્ધિવાળો દેવતા છળી શકે ?

ઉ૦–ન છળી શકે, પણ એ અલ્પઋદ્ધિવાળો અર્ધ સાગરોપમથી ન્યૂન સ્થિતિવાળો હોય તો. જો અર્ધ સાગરોપમની કે તેથી વિશેષ સ્થિતિવાળો હોય તો છળી શકે. કારણકે તેનામાં તેટલું સામર્થ્ય હોય છે. આ સાધુ પ્રમત્ત ગુણસ્થાનવર્તી સમજવા.

પ્ર૦ ૨૩--શ્રાવકની ૧૧ પડિમાને વહન કરનાર શ્રાવક બધી પડિમાઓને વહન કર્યા પછી પાછો ઘરમાં આવે કે નહીં ?

ઉ૦–ઘણે ભાગે તો ચારિત્ર ગ્રહણ કરે, પરંતુ કોઇક ઘરે આવે પણ ખરો.

પ્ર૦ ૨૪–આ કાળમાં સમયે સમયે અનંતી હાનિ છે એવો ઘોષ બહુ લોકપ્રસિદ્ધ સંભળાય છે પણ તે શાસ્ત્રાનુસારી છે કે લૌકોક્તિ માત્ર છે ?

ઉ૦–આ કાળમાં દરેક દ્રવ્યમાં પ્રતિસમયે અનંત પર્યાયોની હાનિ થાય છે, એમ આગમમાં કહ્યું છે, તેથી તે વાત શાસ્ત્રાનુસારી છે. કદી એમ શંકા થાય કે 'જો પ્રતિસમય અનંત પર્યાયનો નાશ થાય તો થોડા વખતમાં સર્વ

વસ્તુનો નાશ થઇ જવો જોઇએ;' પરંતુ એમ શંકા ન કરવી. કારણકે પ્રત્યેક વસ્તુઓમાં પર્યાયો અનંતા છે, તે અનંતું મોટું છે અને હાનિવાળું અનંતું નાનું છે. અવસર્પિણીના સમયો અસંખ્યાતા છે, તેથી પ્રત્યેક સમયે તેટલી હાનિ થાય છતાં વસ્તુનો નાશ ન થાય.

પ્ર૦ ૨૫–કાર્તિકશેઠને ગૈરિક તાપસના સંબંધમાં 'ગૈરિક તાપસે દ્વેષબુદ્ધિથી કાર્તિકશેઠની પીઠ ઉપર થાળ રાખીને ખાધું.' એમ સાંભળીએ છીએ તે હકીકત કોઇ શાસ્ત્રમાં છે કે નહીં ?

ઉ૦–એ હકીકત ભ્રાંતિથી લખાયેલી જણાય છે. સનત્કુમાર ચક્રીના પૂર્વલા ત્રીજા ભવમાં જિનધર્મ નામના શ્રાવકની પીઠ ઉપર ક્ષીરનો થાળ મૂકીને અગ્નિશર્મા તાપસે ક્ષીર ખાધી છે અને ત્યાર પછી તે શ્રાવક શક્રેંદ્રનો સેવક ઐરાવણ દેવ થયો છે. આવી રીતના હકીકતના સરખાપણાથી અહીં પણ કોઇ આધુનિક કલ્પસૂત્રની વૃત્તિમાં તે પ્રમાણે લખી દીધું જણાય છે, પરંતુ આવશ્યકવૃત્તિ વિગેરેમાં તે પ્રમાણે હકીકત લખેલી નથી. તેમાં તો "રાજાના આદેશથી કાર્તિક શેઠે પોતાને હાથે ગૈરિકને જમાડ્યો, તે વખતે દ્વેષબુદ્ધિથી ગૈરિકે તર્જની અંગુળી નાક સાથે ઘસીને 'કેવું નાક કાપ્યું' એમ સૂચવ્યું" એ પ્રમાણે કથન છે.

પ્ર૦ ૨૬–દેવતા (વૈમાનિક) અને અસુરો (ભવનપતિ) પરસ્પર લડે ત્યારે તેમનાં શસ્ત્રો કેવી જાતનાં હોય ?

ઉ૦–વૈમાનિક દેવોનો અચિંત્ય પુણ્ય પ્રભાવ હોવાથી તેઓ જે તૃણ કાષ્ટાદિકને સ્પર્શ કરે તે શસ્ત્રપણે પરિણમી જાય અને અસુરો તેના કરતાં મંદતર પુણ્યવાળા હોવાથી તેને નવા નવા આયુધરત્નો વારંવાર વિકુર્વવા પડે.

પ્ર૦ ૨૭–મહર્દ્ધિક દેવતા કેટલા દ્વીપ સમુદ્રોની ફરતો ફેરો મારીને તત્કાળ પાછો પોતાને સ્થાનકે આવવાને સમર્થ થાય ?

ઉ૦–રૂચકદ્વીપ પર્યંત ફેરો મારવાને સમર્થ છે. પરંતુ એક દિશાએ તો તે દ્વીપ પછી પણ ઘણે દૂર સુધી જઈ શકે, પણ ચોમેર ચક્ર મારે નહીં. તેવા પ્રયોજનનો અભાવ હોવાથી આમ સમજવું. શક્તિનો અભાવ સમજવો નહીં.

પ્ર૦ ૨૮–લવણસમુદ્રમાંહેના કેવડા પ્રમાણવાળા મત્સ્યો જંબુદ્વીપની જગતીમાં રહેલા છીદ્રોમાંથી જંબૂદ્વીપમાં પ્રવેશ કરે ?

ઉ૦–નવયોજન સુધીના પ્રમાણવાળા આવે, લવણ સમુદ્રમાં તો પાંચશે યોજન સુધીના મત્સ્યો હોય છે. (આ યોજન ઉચ્છેદ (ઉત્સેધ) અંગુળ સંબંધી જાણવું.)

પ્ર૦ ૨૯–યુગળીઆની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની ઘણા શાસ્ત્રોમાં કહેલી છે પણ તેની જઘન્ય સ્થિતિ કાંઈ કહી છે કે નહીં ?

ઉ૦—કહેલી છે. જે જુગળીઆ ત્રણ ગાઉના ઉત્કૃષ્ટ શરીરવાળા હોય છે તેની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન ત્રણ પલ્યોપમની હોય ને ઉત્કૃષ્ટ પૂર્ણ ત્રણ પલ્યોપમની હોય; એજ પ્રમાણે બે ગાઉના શરીરવાળાની જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન બે પલ્યોપમની ને ઉત્કૃષ્ટ પૂર્ણ બે પલ્યોપમની અને એક ગાઉના શરીરવાળાની જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન એક પલ્યોપમની ને ઉત્કૃષ્ટ પૂર્ણ એક પલ્યોપમની સ્થિતિ સમજવી. આ પ્રમાણે શરીરનું પ્રમાણ ઘટતું જાય તેમ આયુષ્યનું પ્રમાણ પણ ઘટતું સમજવું.

પ્ર૦ ૩૦—કોઇ નિર્ભાગી પુરૂષના સંસર્ગથી ભાગ્યશાળીનો પુણ્યોદય પણ હણાય ખરો ?

ઉ૦—હણાય. આ સંબંધમાં એક દષ્ટાંત પણ છે કે જેમાં એક મુનિ નિર્ભાગી હોવાથી તેની સાથેના બીજા મુનિઓને પણ કષ્ટ ભોગવવું પડેલ છે; માટે નિર્ભાગી પુરૂષનો સંસર્ગ તજી દેવો.

પ્ર૦ ૩૧—ગૃહસ્થે ભાવતીર્થંકર નિમિત્ત કરેલું અશનાદિ અથવા તીર્થંકરની પ્રતિમા પાસે ધરવા માટે બનાવેલ પકવાન્નાદિ સાધુઓને કલ્પે કે નહિ ?

ઉ૦—કલ્પે. ભાવ તીર્થંકરની ભક્તિ નિમિત્તે દેવોએ કરેલ સંવર્ત્તક મેઘ અને પુષ્પાદિ સમવસરણમાં હોય છે છતાં મુનિઓથી તે દૂર થઇ શકે તેમ ન હોવાથી ત્યાં બેસવું કલ્પે છે, તો પછી પ્રતિમાને નિમિત્તે કરેલ માટે તો શું કહેવું ? ભાવ તીર્થંકર મુનિઓના સાધર્મિક નથી, પણ ચતુર્વિધ સંઘના અધિપતિ છે; તેથી તેમને અર્થે કરેલું આધાકર્મી છતાં મુનિઓને લેવામાં બાધ નથી; તો પછી પ્રતિમા કે જે અજીવ છે તેને માટે કરેલું કલ્પે એમાં તો કહેવાનુંજ નથી.

પ્ર૦ ૩૨—મહર્દ્ધિક દેવતા બાહ્ય પુદ્ગળોને ગ્રહણ કરીનેજ ગમનાગમન, ભાષણ, પ્રશ્નોત્તર, ઉન્મેષનિમેષ, આકુંચન, પ્રસારણ, સ્થાન, શયન, નિષદનાદિ ક્રિયા, તેમજ પરિચારણાદિ ક્રિયા કરે છે કે મહર્દ્ધિકપણાથી બાહ્ય પુદ્ગળ ગ્રહણ કર્યા વિના પણ કરી શકે છે ?

ઉ૦—દેવાદિક સર્વે સંસારીઓ બાહ્ય પુદ્ગળ ગ્રહણ કરીનેજ ગમનાદિક ક્રિયા કરવાને સમર્થ થાય છે; ગ્રહણ કર્યા વિના સમર્થ થતા નથી. શ્રી ભગવતિસૂત્રના સોળમા શતકના ચોથા ઉદ્દેશામાં એ પ્રમાણે કહ્યું છે.

પ્ર૦ ૩૩—પરમાણુ પુદ્ગળ નિત્ય કે અનિત્ય ? પરમાણુમાં રહેલા વર્ણાદિક પર્યવો નિરંતર એક સ્વભાવેજ રહે કે કદાપિ તેમાં વિપર્યય પણ થાય ? વળી એક પરમાણુમાં કેટલા પર્યાયો હોય ?

ઉ૦–પરમાણુ નિત્ય છે. તેમાં રહેલા પર્યાયો અનિત્ય છે, તેથી પરમાણુમાં રહેલા પર્યાયો સ્વયમેવ હોય તે નાશ પામે છે ને નવા બીજા ઉપજે છે. જે કોઈ પરમાણુ નિત્ય હોવાથી તેના પર્યવોને પણ નિત્ય માને છે તે મિથ્યા છે. ભગવતીજીમાં સ્પષ્ટતાથી પર્યવોનું અનિત્યપણું કહેલું છે. એકેક પરમાણુમાં વર્ણ ગંધ રસ સ્પર્શરૂપ અનંતા પર્યાયો હોય છે.

પ્ર૦ ૩૪–સર્વ ઇંદ્રિઓ અનંત પ્રદેશનિષ્પન્ન અંગુળના અસંખ્યેય ભાગ પ્રમાણ (બાહલ્યવાળી) જાડી અને અસંખ્યેય પ્રદેશાવગાઢ કહેલી છે અને તેના વિસ્તારને અંગે શ્રોત્ર, ચક્ષુ ને ઘ્રાણેંદ્રિય અંગુળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ, જિંહ્વા ઇંદ્રિય અંગુળ પ્રથકત્વ (બે થી નવ) પ્રમાણ અને સ્પર્શેંદ્રિય શરીર પ્રમાણ કહેલ છે, તો શ્રોત્રાદિ ત્રણનો વિસ્તાર જે અંગુળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહેલ છે તે એકસરખો કે એમાં કાંઈ ઓછો વધતો એક બીજી ઇંદ્રિયનો વિસ્તાર છે ?

ઉ૦–સર્વથી સ્તોક પ્રદેશાવગાઢ ચક્ષુ છે, તેથી સંખ્યેય ગુણ પ્રદેશાવગાઢ શ્રોત્ર છે અને તેથી સંખ્યેય ગુણ પ્રદેશાવગાઢ ઘ્રાણ છે. તે ત્રણથી જીંહ્વા ઇંદ્રિય અસંખ્યાત ગુણ છે. અંગુળ પ્રથકત્વ પ્રમાણ હોવાથી. અને તેનાથી સ્પર્શેંદ્રિય સંખ્યાત ગુણ છે. (અસંખ્યાત ગુણ નહીં.) વધારેમાં વધારે લક્ષયોજન પ્રમાણ હોવાથી. કોઇ સ્થાનકે ત્રણ ઇંદ્રિયોથી રસનાઇંદ્રિયને અસંખ્યાત ગુણ કહેલ છે, તે લેખક દોષ જણાય છે, કેમકે તે યુક્ત જણાતું નથી. આ અંગુળ આત્માંગુળ સમજવી. (અપૂર્ણ.)

# એક વાક્યપરથી થતી વિચારણા.

**નવજીવન**ના અંક ૮મા માં મહાત્મા ગાંધીજી લખે છે કે–"એટલું તો સૌ યાદ રાખશે કે–આપણા વિરોધીઓ–પછી તે અંગ્રેજ હોય કે આપણાજ વર્ગના સહકારીઓ હોય–તેમનો આપણે તિરસ્કાર ન કરીએ, તેમને ગાળ ન દઇએ, તેમનું અપમાન ન કરીએ. આપણાજ બળે આપણે ઝુઝવાનું છે, તેમને હલકા પાડીને નહીં. આ લડત સભ્યતાની છે સભ્યતાને જગતમાં શત્રુ નથી, નથી, નથીજ."

આ વાક્ય પરમાત્માની વાણીની વાનકી રૂપ છે. મહાત્માશ્રીને અનેક લેખકો દેવની ઉપમા આપે છે તે વાત બહુ પસંદ કરવા જેવી નથી. વળી તેને જૈન કે મહદ્જૈન કહેવામાં પણ અમુક અપેક્ષાએ કેટલાકનું મન થાય છે ને કેટલાકનું અચકાય છે તેથી તે વાત પણ બાજુ ઉપર રાખીએ.

માત્ર ઉપર જણાવેલું વાક્ય કે જે તેના અંતઃકરણના ઉદ્‌ગારરૂપ છે, બીજાઓને રાજી રાખવા માટે નથી. તેમનું વર્તન પણ એ પ્રમાણેજ છે એ વાત અનુભવ સિદ્ધ છે. હવે કૃપા કરીને આપણા મહાત્માઓ તે શબ્દને ધ્યાનમાં લઇને કહેશે કે–પોતાના વિરોધીઓ જૈન હો કે જૈનેતર હો–તેમના પ્રત્યે તેઓ એવું યથાસ્થિત વર્તન રાખે છે? તીરસ્કાર કરતા નથી? ગાળો[1] દેતા નથી? અપમાન કરતા નથી? આપણી લડત સભ્યતાની છે એમ માને છે?

બીજામાં એવા ગુણ વર્તતા હોય, મન વચન અને કાયાથી તેનું તદ્‌રૂપ વર્તન લાગતું હોય છતાં તેના ગુણ ગ્રહણ ન કરવા, બીજા ગુણાનુવાદ કરતા હોય તો તે સાંભળીને ઉલટું નાખુશ થવું અને વખતપર તેના કાંઇક છીદ્ર[2] શોધીને અપવાદ બોલવા તે અમને તો મહાત્માઓને અંગે યોગ્ય લાગતું નથી. બહુ તો સાંભળી રહેવું ને મૌન ધારણ કરવું એટલુંજ બસ લાગે છે.

અમને તો આ વાક્ય વાંચી બહુ આલ્હાદ થાય છે. તે એટલા માટે કે પ્રાણસટ્ટાની સ્થિતિમાં, અણધારી ઉપાધિ આવી પડવાના ભયમાં અને અધિકારી વર્ગની પૂરેપૂરી કરડી નજરમાં જે મહાત્માના હૃદયના ઉદ્‌ગાર પણ એવા નીકળે કે આપણે આપણા વિરોધીઓનું અપમાન ન કરીએ, તીરસ્કાર ન કરીએ, ગાળ ન દઇએ, આ થોડી વાંત નથી. અમને તો બહુ મુશ્કેલ લાગે છે. આવાં વાક્યના વક્તાજ સ્વલ્પ દેખાય છે અને તેને આચરણમાં મૂકનારા તો ભાગ્યે એકાદ બે દેખાય છે, વધારે દૃષ્ટિગોચર થતા નથી. આપણે જૈન છીએ. રાગ દ્વેષને જીતે તે જિન, તેમના ભક્તો–તેમને માર્ગે ચાલનારા તે જૈન; તેથી આપણે તો એ મહાવાક્ય પ્રમાણે વર્તન રાખવુંજ જોઇએ. રાખવાના ખપી થવુંજ જોઇએ. જેઓ રાખતા હોય તેમનું બહુમાન કરવું જોઇએ અને મોટા ગણતા છતાં ન રાખતા હોય તેને યાદ આપવું જોઇએ. આ વાક્યના આરાધનમાં આત્મકલ્યાણ પણ રહેલું છે એ ચોકસ છે.

અન્ય કોઈ પણ પુરૂષમાં અપ્રતિમ એવો કોઇ પણ પ્રકારનો ગુણ દેખાય તો તેનું બહુમાન કરવું જોઈએ છતાં તેના પ્રત્યે અસહિષ્ણુતા બતાવવી કે ઉલટી નિંદા કરવી તે કોઇ પણ પ્રકારે શોભાપ્રદ લાગતું નથી. આપણે તેવો ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરનારા ત્યારેજ ગણાઇએ કે જયારે તેવા ગુણવાળાની પ્રશંસા અને તેનું બહુમાન કરીએ. ઇત્યલમ્.

---

૧ મહાત્માની ગાળોમાં અપશબ્દ તો નજ હોય એટલું ધ્યાનમાં રાખવું. ૨ સાચા ખોટા.

# આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન.

( ૧૩ )

પાછલા લેખમાં ઘી બોલવાની રૂઢિની ચર્ચા કરી અને તે રૂઢિનો પ્રતિક્રમણ ક્રિયામાં પ્રવેશ થયો હોવાથી તે વિષે પણ ઉલ્લેખ કરવો પડ્યો, પણ આપણા મંદિરવિષયક વ્યવહારનો વધારે સૂક્ષ્મ રીતે વિચાર કરતાં માલુમ પડે છે કે–જિનમંદિરના સંબંધમાં આપણી પ્રાચીન ભાવનાનો પરિત્યાગ કરવાથી આપણા વર્તમાન પૂજન વ્યવહારમાં અનેક ક્ષતિઓ પ્રવેશ થવા પામી છે, તેથી જો તે મૂળ ભાવનાને સજીવન કરવામાં આવે તો અત્યારના મંદિર-વ્યવહારમાં નજરે પડતા અનેક દોષોનું સહેજે નિવારણ થાય.

પ્રાચીન પ્રથા પ્રમાણે જિનમંદિર 'અભંગદ્વાર' હોવું જોઇએ. અભંગદ્વાર બે રીતે હોય–એક તો જિનમંદિરમાં દર્શન કરવાનો કોઈ પણ મનુષ્યને પ્રતિબંધ ન હોય, અને બીજું પ્રભુના દર્શન જયારે કરવા હોય ત્યારે મંદિરનાં દ્વાર ખુલ્લાં હોય. આ બંને બાબતમાં અન્ય વૈષ્ણવો અને બ્રાહ્મણોનાં મંદિરની અપેક્ષાએ જિનમંદિરની વિશેષતા ગણાય. વિષ્ણુ તેમજ શિવમંદિરમાં હલકી જાતના લોકો, મુસલમાનો, અંગ્રેજો તેમજ અસ્પશ્ય ગણાતા વર્ગોને ઘણે ખરે ઠેકાણે દર્શન કરવા દેવાની બંધી હોય છે. ત્રિવેન્દ્રમ્‌ના તેમજ કન્યાકુમારીના મંદિરમાં જૈનોને તેમજ કોળી, કણબી, સોની, લુહાર વિગેરે હલકા ગણાતા હિંદુઓને પણ મુખ્ય મૂર્ત્તિના દર્શન કરવા દેવામાં આવતા નથી. તદુપરાન્ત દર્શનના સંબંધમાં વૈષ્ણવીય તેમજ શૈવી મંદિરોએ કાળનું પણ બંધન સ્વીકારેલું છે. ભગવાનનાં દર્શન દિવસના અમુક અમુક વખતેજ થાય એવો નિયમ ઘણે ઠેકાણે જોવામાં આવે છે. આ નિયમની વિશેષ પ્રવૃત્તિ વૈષ્ણવીય મંદિરોમાં છે. નરનારાયણનાં, રાધાકૃષ્ણનાં કે રામચંદ્રજીનાં મંદિરો પાસે સવારના કે સાંજના જયારે નીકળવાનું બને છે ત્યારે ઘણીવાર એવો અનુભવ થાય છે કે ભાવિક સ્ત્રી પુરૂષો 'દર્શન થયાં, દર્શન થયાં.' એમ કહેતાં દોડાદોડી કરી રહ્યાં હોય અને જરાક વિલંબ થશે તો દર્શન રહી જશે એ ચિન્તાથી વિહ્‌વળ બની ગયાં હોય. ભગવાન ઘડી દર્શન દઇ સંતાઇ જાય એ કલ્પના આપણને તો સ્વાભાવિક રીતે હાસ્યાસ્પદ લાગે. તેવીજ રીતે ભગવાનનાં દર્શનનો અધિકાર અમુક ઉંચી ગણાતી જાતિઓને હોય અને હલકી ગણાતી જાતિઓને ન હોય એ વિચાર પણ આપણને તો બહુ વિચિત્ર લાગે. આમ છતાં આપણા મંદિર વ્યવહારમાં આ બંને બાબતનો અલ્પાંશે પણ ચેપ લાગ્યા વિના રહ્યો નથી. તે ચેપની અસરને મૂળમાંથી નાબુદ ન કરીએ અને આપણા

મંદિરોને યથાર્થ રીતે અભંગદ્વાર ન બનાવીએ ત્યાં સુધી જિનમંદિરની અન્ય મંદિરોથી વિશિષ્ટતા અને ઉત્કૃષ્ટતા આપણે સાધી શકીએ નહિં.

આપણા ઘણા મંદિરોમાં મુસલમાન, પારસી, અંગ્રેજ તેમજ હલકા વર્ણના હિંદુઓને પ્રવેશ કરવાની રજા હોતી નથી અને કેટલેક ઠેકાણે જિનમંદિરમાં પ્રવેશ કરવાનો વાંધો નથી હોતો ત્યાં પણ મુખ્ય મૂર્તિનાં દર્શન સામે તો મજબુત વાંધો લેવામાં આવે છે. પૂજાની બાબતમાં તો એક ઇંચ પણ નમતું આપતાં આપણને હાહાકાર થઇ જાય છે અને આખું મંદિર અપવિત્ર બની ગયું લાગે છે. જૈનસમાજમાં જાણીતા માણેકજી પારસીની બાબતમાં દર્શન તેમજ પૂજા વિષે થોડાં વર્ષો પહેલાં થયેલો કોળાહળ સૌ કોઇને સુવિદિત છે. અહિં અસ્પર્શ્ય ગણાતા વર્ગની તો વાતજ કયાં કરવાની હોય ? આ ઉપરાંત જો કે વિષ્ણુમંદિર માફક આપણા મંદિરમાં દર્શન માટે અમુક સમયજ નક્કી કરવામાં આવતો નથી; પણ મંદિરમાં સોનું રૂપું હીરા માણેક વિગેરે કિંમતી દ્રવ્યોનો સંગ્રહ અબાધિત રીતે વધી જવાથી દિવસનો કેટલોક વખત અને રાત્રિનો ઘણોખરો વખત મંદિર બંધ રાખવું પડે છે. દરેક મંદિરને મજબુત બારણા અને અલીગઢનાં ભારેમાં ભારે તાળાં હોય છે. દર્શન સમય દરમિયાન પણ ગર્ભદ્વારને પીત્તળ વા રૂપાની સુઘટિત જાળીવાળા બારણાથી અંદર બિરાજેલ મૂર્તિને સુરક્ષિત કરવામાં આવે છે. આ જાળીઓનો દેખાવ તો મોટા પાંજરા જેવોજ લાગે છે. આ બન્ને કારણોને લીધે આપણાં મંદિરો અભંગદ્વાર હોવાનું અભિમાન ધરી શકે તેમ નથી.

આવી સ્થિતિ આપણી વિશાળ વિશ્વવ્યાપી ભાવનાના શિખરેથી આપણે અધઃપતિત થયા છીએ તેને સર્વથા સ્વાભાવિક છે. સર્વ તીર્થંકરોનાં ચરિત્ર તપાસો. જ્યારે પ્રભુ કેવળજ્ઞાન પામી તીર્થ વિસ્તારે ત્યારે તેમની પાસે આવવાને કોઇને પ્રતિબંધ હતો ખરો ? તેઓ ચોકી પહેરાથી સુરક્ષિત કિલ્લામાં ભરાઇને બેસતા ખરા ? અમુક સમયે જાઓ તોજ દર્શન દે એવો પ્રભુએ સમય પ્રતિબંધ ભક્તજનો માટે કરેલો ખરો ? જે તીર્થંકર દેવનું દર્શન રાજા તેમજ રંક, સાક્ષર તેમજ નિરક્ષર, ઉચ્ચ તેમજ નીચ સર્વ કોઇને સદા કાળ સુલભ હતું તેજ દેવની મૂર્તિઓથી અધિષ્ટિત મંદિરોના દ્વાર બંધ કેમ હોઇ શકે ? તેમનાં દર્શનને કાળનો પ્રત્યવાય કેમ શોભી શકે ? અભંગદ્વારની કલ્પનામાં ભગવાન્ મહાવીરઆદિ તીર્થંકરોની વિશિષ્ટતાનું સૂચન છે. જગત્ના દેવોમાં જૈન તીર્થંકરો જે વિશિષ્ટ સ્થાન ભોગવે છે, જગત્ના ધર્મોમાં જૈન ધર્મ જે વિશેષતા ધરાવે છે, તેજ વિશેષતા જગત્નાં દેવમંદિરોમાં જિનમંદિરને હોવી જોઇએ. મહાવીરે કદિ કોઇ હલકા વર્ણના મનુષ્યનો તુચ્છકાર કર્યો

નથી; હરિબળ મચ્છી અને માતંગ મુનિ (મેતાર્ય અને હરિકેશી વિગેરે) આદિને સંઘરનાર જૈનધર્મ નીચી જાતિના મનુષ્યને તુચ્છકારી શકતો નથી. તો પછી જિનમંદિર પણ આ દુનિયામાં એવો એક પણ મનુષ્ય ન હોય કે જે શુદ્ધ ભાવે ભગવાનનાં દર્શન કરવા આવતો હોય તો તેની સામે પોતાનાં દ્વાર બંધ કરી શકે. ભોયણી આદિ તીર્થોમાં મલ્લિનાથજીએ ઢેઢ ભંગી આદિ અસ્પર્શ્ય ગણાતા વર્ગને દર્શન દીધાની કિંવદન્તીઓ હજુ પણ પ્રચલિત છે. આવી કિંવદન્તીનો અર્થ એટલોજ કે રૂઢિ એક માર્ગે વહે છે; જૈનધર્મનું હૃદય અન્ય માર્ગે લઈ જવા માગે છે.

મંદિરનું અભંગદ્વારત્વ વિશાળ ભાવનાઓનું જેટલું પ્રતિપાદક છે તેટલુંજ મૂર્ત્તિપૂજામાંથી ઉદ્ભવતા અતિરેક દોષો અને ઉચ્છેદ યોગ્ય ક્ષતિઓનું બાધક છે. આમ છતાં અત્યારના મંદિરો અભંગદ્વાર નથી પણ સુરક્ષિતદ્વાર છે. દરવાજા, બારણાં અને તાળાં વિનાનાં મંદિર ભાગ્યેજ દેખાય છે. વળી હવે તો જ્યાં ત્યાં મંદિરની અંદર તીજોરી અને બહાર બંદુકવાળો સીપાઇ બહુ આવશ્યક વસ્તુઓ ગણવામાં આવે છે. જિનમંદિરમાં દાખલ થતાં બંદુકવાળો સીપાઇ જોવો પડે તો તે જિનમંદિર કહેવાય કે લક્ષ્મીમંદિર કહેવાય ? જિનમંદિરની અંદર સુંદર પ્રસાધનો વચ્ચે ગોદરેજની ભવ્ય કાળભૈરવ જેવી તીજોરી જોતાં સોનાના થાળમાં લોઢાની મેખ નાખ્યા જેવું લાગે. આપણે વણિક રહ્યા તેથી આ સર્વમાં આપણને ભાવનો ભંગ ન દેખાય! કળાભંગ ન દેખાય ! ભક્તિભંગ ન દેખાય ! પણ આપણા પૂર્વજો આપણી જેવા લક્ષ્મીના પૂજારી નહોતા, તે તો આ બધું જોઇ કદાચ દિગ્મૂઢ બને ખરા !

અહિં એક બાબત સ્પષ્ટ કરવાની જરૂર છે. હું મંદિરને અભંગદ્વાર કરવા કહું એનો અર્થ એમ નહિ કે—આખા મંદિરને એક પણ બારણું જોઇએજ નહિ. મંદિરને બારણાની જરૂર છે અને તે બંધ કરવાની પણ જરૂર રહે ખરી. પણ અહિં એ સમજવાની જરૂર છે કે—કોઇ પણ સ્થાનને બારણાની બે કારણોથી જરૂર પડે છે. એક તો અંદર કોઈ જનાવર દાખલ થઈ ન જાય અથવા નિશાચર લોકોને પોતાના પ્રપંચો સાધવાનું મંદિર સાધન બની ન જાય, તેથી દ્વાર બંધ કરવા પડે છે. બીજું કારણ મંદિરમાં દ્રવ્ય આભૂષણ હોય તેના રક્ષણને માટે પણ બારણાં બંધ કરવા પડે છે, જ્યારે બીજું કારણ હોય છે ત્યારે બહુ મજબુત બારણાં બનાવવાં પડે છે, ભારે તાળાં લગાવવાં પડે છે, બહુ લાંબો વખત મંદિર ઉઘાડાં રાખી શકાતાં નથી. મંદિરની અંદર જાળીઓ, તીજોરીઓ અને ગુપ્તસ્થાનો ગોઠવવાની જરૂર ઉભી થાય છે. આમ બનતાં મંદિર જિનમંદિર મટી એક કિલ્લો બની જાય છે. આપણે આભૂષણ

વિગેરેની નિરર્થકતા આગળ ચર્ચી ગયા તેથી આદર્શ જિનમંદિરમાં એવી કિંમતી વસ્તુઓને તો જરા પણ અવકાશ નથી; તેથી જિનમંદિરને કિલ્લો બનાવવાની જરાય જરૂર નથી. સામાન્ય બહિરૂપસર્ગ નિવારણ અર્થે રાત્રિના જિનમંદિર બંધ રહે તો વાંધા જેવું નથી. બાકી આપણા મંદિરની ઘટનાજ એવી હોવી જોઇએ કે સૌને માટે જ્યારે જોઇએ ત્યારે તે ખુલ્લાં હોય.

આપણા મંદિરને આપણે અભયદાન આપવું જોઇએ. અત્યારે એવાં ભાગ્યેજ મંદિરો દેખાય છે કે–દરવાજામાં હાથ નાખીએ અને આગળીઓ ઉઘાડીએ કે મંદિરદ્વાર ઉઘડી જાય અને ભગવાનનાં સહેજે દર્શન થાય. અત્યારનાં મંદિરો લગભગ બધાંય સભય બની ગયાં છે અને તેથી તેમને સુરક્ષિત બનાવવાની જરૂર પડે છે. જે મંદિરને ચોરનો ડર નહિ, લુંટારાનો ભય નહિ, તેજ મંદિર નિર્ભય કહેવાય. આવી નિર્ભયતા આપણા મંદિરને અપાવવી તે આપણો ખાસ ધર્મ છે અને મંદિરવ્યવહારના ઉદ્ધાર અર્થે મોટી આવશ્યક્તા છે. આ રીતે જ્યારે જિનમંદિરમાં ખોટો ભભકો દૂર થશે, ઘીની ધમાલ બંધ થશે, જનતાના સૌ કોઇ બાળકોને આવવાની છુટ મળશે અને ચોર લુંટારાનો ભય નીકળી જશે ત્યારે જિનમંદિર અભંગદ્વાર અને શાન્તરસઘન બનશે અને આ અનેક વિટંબણાથી ભરેલા વિષમ સંસારમાં પાપી અને પુણ્યવાન્–સર્વ કોટિના જીવોને પરમ વિશ્રાન્તિનું સ્થાન થઇ રહેશે.

પરમાનંદ.

---

આ લેખમાં લેખકે જિનમંદિરને સમવસરણ સાથે સરખાવી તે પ્રમાણેની છુટ જિનમંદિરમાં હોવાનું યોગ્ય ગણ્યું છે. આ સરખામણી યોગ્ય છે, પરંતુ તેમાં એક બાબત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે કે–સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકર બીરાજે છે; તેમના પ્રતાપને પ્રભાવથી સર્વ અપવિત્રતા નાશ પામે છે અને આવનારના વિચારો ઉપર પણ તે પ્રબળ અસર કરે છે. પરસ્પરના વૈર વિરોધ દીર્ઘકાળના પણ નાશ પામે છે. અપવિત્રતા નાશ કરનારા બીજાં પણ અનેક સાધનો સમવસરણમાં વિદ્યમાન હોય છે, તેવાં જિનમંદિરમાં હોતા નથી, માટે જિનમંદિરમાં અપવિત્રતા ટાળવાની આવશ્યકતા છે. અપવિત્ર વસ્તુ લાવવા દેવાની તે માટેજ મનાઇ છે. તેમજ અપવિત્ર શરીરવાળા, નિરંતર અપવિત્ર વસ્તુનું કાર્ય કરનારા અને અપવિત્ર માંસ મદિરાદિકનો આહાર કરનારાને જિનમંદિરમાં પ્રવેશ કરવા દેવો તે યોગ્ય જણાતું નથી. અસ્પર્શ્ય જાતિ કે અમુક વર્ણ માટે અટકાયતનું કારણ નથી, પણ અપવિત્રતાનું નિવારણ કરવાની જરૂર છે.

તેમજ અભક્ષ્ય માંસાદિકનો આહાર કરનારા અને હિંસક મનુષ્યોના ગમનાગમનથી જિનમંદિરનું વાતાવરણ ન બગડે તે સંભાળવાનું છે. જો કે તે સંબંધમાં વર્તન તો જુદા પ્રકારનું વર્તે છે. તેને માટે માત્ર આ સૂચના છે. તંત્રી.

# કેશર અને જૈન.

ઉપલા મથાળાવાળો લેખ શ્રી જૈનધર્મપ્રકાશના ભાદ્રપદ માસના અંકમાં પ્રગટ થયા બાદ કેશરની વાત શ્રાવકબંધુઓના લક્ષ્યમાં આવી જણાય છે. કેશર ન વાપરવાનો શ્રી ભાવનગરના સંઘે કરેલ ઠરાવ "પ્રકાશ" ના આશ્વિન માસના અંકમાં મેં વાંચ્યો. તે સંબંધી પાટણ તથા ભાવનગર યુવક મંડળની પત્રિકાઓ, ભાઇ શ્રી પરમાનંદનો શ્રી "જૈન" પત્રના તા. ૨જી અકટોબરના અંકમાં આવેલ લેખ, મુનિશ્રી કિર્તિવિજયજીનો તેજ પત્રના તા. ૯ મી ઓકટોબરના અંકમાં આવેલ લેખ, પ્રકાશના કાર્તિક માસમાં આવેલ સન્મિત્ર કર્પૂરવિજયજીનો લેખ, તેજ અંકમાં કલકત્તાવાળા ભાઇશ્રી અમૃતલાલ માવજી શાહનો લેખ, કુંવરજીભાઇની પ્રશ્નાવળી વિગેરે લેખો મારા વાંચવામાં આવ્યા છે. તે ઉપરાંત કેશરના બહિષ્કાર વિરૂદ્ધનો શિરોહી સ્ટેટના સતાવીશ ગામના સંઘનો ઠરાવ, શ્રી વીરશાસનના કાર્તિક માસના અંકમાં ભાઈશ્રી છોગાલાલભાઇનો લેખ, તેજ માસિકના સંપાદકનો તેજ અંકમાં "સમાધાન" વાળો લેખ, તેજ અંકમાં "અમારી નોંધ"માં રા. કુંવરજીભાઇ ઉપરની ટીકા અને છેવટ મુનિશ્રી રામવિજયજીનું, મુનિશ્રી કર્પૂરવિજયજીને ચેલેંજ પણ મારા વાંચવામાં આવ્યું છે.

બે ત્રણ માસની અંદર કેશર સંબંધી આટલી બધી ચર્ચા જોઇ મને આનંદ તથા ખેદ બંને થાય છે. આનંદ થવાનું કારણ એટલુંજ કે જેમ દહીં વલોવવાથી તેનું સત્વ "માખણ" તરીને ઉપર આવે છે તેમ કોઇ પણ વિષય યોગ્ય રીતે ચર્ચાવાથી તેનું 'સત્ય' બહાર આવે છે. ખેદ થવાનું કારણ માત્ર એટલુંજ કે આવી બાળક પણ સમજી શકે તેવી બાબતે ઘણાનો વખત રોકયો છે અને શ્રી વીર શાસનના લેખો ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે આ વાત ચર્ચાનું રૂપ છોડી અંગિત ટીકા ઉપર આવી ગઈ છે. છાશ બહુ વલોવાય તો માખણ ઉપર તરી આવવાને બદલે 'એલખી' જાય છે અને માખણ હાથમાં આવતું નથી તેમ અંગિત ટીકામાં ઉતરી પડીને નાહક વધારે ચર્ચા કરવાથી વાતનું રહસ્ય ગુંથાઈ જાય છે અને સત્ય હાથ લાગતું નથી.

શ્રી વીરશાસનમાં મુનિશ્રી રામવિજયજીએ 'ચેલેંજ' આપ્યું છે. આ ચેલેંજમાં અહંકારની ગંધ ખુલ્લી દેખાય છે. કોઇ પણ વાત આપણે કહેવી હોય

તો આપણને ઠીક લાગે તેવા શબ્દોમાં દાખલા દલીલો સહિત કહીએ. તેમાં ક્રોધ અથવા અહંકારને સ્થાન શા માટે જોઈએ ? અને તેમાં પણ મુનિ મહારાજો કે જેમણે તે સર્વનો ત્યાગ કર્યો છે તેમના તરફનું જ્યારે આવું લખાણ વાંચીએ ત્યારે તેમને માટે માન વધવાને બદલે ઘટે છે. (મુનિશ્રી રામવિજયજીનો "જુઓ ગાંધીજીની અહિંસાનો નમુનો"વાળો લેખ. તે તેઓશ્રીનું ખરૂં સ્વરૂપ બતાવે છે).

જ્યારે મેં કેશરની ચર્ચા આજથી દોઢ બે વર્ષ પહેલાં શરૂ કરી ત્યારે મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આવી નાનકડી વાત આવું ગંભીર સ્વરૂપ પકડી મારા જૈન ભાઈઓમાં વિખવાદ ઉત્પન્ન કરી તેઓનો અમૂલ્ય વખત વાદવિવાદમાં રોકશે.

## શ્રી ભાવનગર સંઘનો ઠરાવ.

ભાઈશ્રી પરમાનંદભાઈનો જૈન પત્રમાં આવેલ લેખ વિચારવા જેવો છે. શ્રી ભાવનગર સંઘે "જ્યાં સુધી પવિત્ર કેશર મળી શકે નહિ ત્યાં સુધી અપવિત્ર અને સેળભેળવાળું કેશર દેરાસરમાં વાપરવું બંધ કરવું" એમ ઠરાવ કર્યો છે. શ્રી ભાવનગરના સંઘે પરદેશી કેશરનો બહિષ્કાર કર્યો તે ખાતે તેમને ધન્યવાદ ઘટે છે. લાલચ માત્ર તેમણે **પવિત્ર અને સ્વદેશી** કેશર મળવાની રાખી છે. પરંતુ હું પૂછું છું કે આપણને સ્વદેશી અને પવિત્ર કેશર ક્યાં મળે છે ?

## કાશ્મીરી કેશર.

મને લખતાં ઘણોજ ખેદ થાય છે કે આપણા દેશી બંધુઓ સ્વદેશીને નામે કેટલો વિશ્વાસઘાત કરે છે અને ધૂતે છે, તે નીચેની બીના ઉપરથી જણાશે:—

ભાવનગરના પૂજ્ય શેઠ અમરચંદ જસરાજ વોરાએ મને નીચે મુજબ પત્ર ભાદરવા શુદિ ૧ના રોજ લખી કાશ્મીરી કેશર તપાસવા માટે મોકલ્યું હતું.

"હાલમાં ચાલુ કેશરની વપરાશ બાબત અનેક જાતના દગાના અંદેશાઓ કહેવાય છે; માટે અમોએ **કાશ્મીરી કેશર નમુના સારૂ મંગાવ્યું છે.** તેમાંથી તોલો ૦ાા અરધો આ સાથે મોકલ્યું છે. આ કેશરમાં કોઈ પણ જાતનો દગો, સેળભેળ, રંગાટ વિગેરે જો હોય નહીં તો તેવો ખુલાસો લખવાની મહેરબાની કરશો."

"**સ્વદેશી અને દગા વગરનું સામટું કેશર મંગાવવું છે.** તેની ખાત્રી સારૂ આશા છે કે આપ તકલીફ ઉઠાવશો."

આ કેશર અમારી લેબોરેટરીમાં તપાસતાં તે કેશરજ નહોતું. બનાવટી પાંખડીઓ ઉપર કૃત્રિમ રંગ તથા સુગંધ ચઢાવેલ હતાં. અંદર તેલ, માખણ કે ચરબીનો પાસ હતો. તેમજ વજન વધારવાની ખાતર રેતી પણ અંદર હતી.

વઢવાણ શહેરના ગૃહસ્થો તરફથી એક અપીલ વઢવાણ નિવાસી બંધુઓ પ્રત્યે કરવામાં આવી છે. તેમાં લખ્યું છે કે "શેઠ જગજીવનદાસ ઉજમશીએ ગામ તરફથી પંદર હજાર કરવામાં આવે તો રૂપીઆ દશ હજાર રાષ્ટ્રિયશાળાના મકાન માટે આપવા કબુલ કર્યા છે; માટે આપણે જ્યાં રહેતા હઇએ ત્યાંથી પોતાની જન્મભૂમિ માટે સહાય આપવાની લાગણી ધરાવવી જોઈએ અને યોગ્ય રકમ રાષ્ટ્રિયશાળાની મકાન કમીટી તરફ મોકલાવવાનું ધ્યાનમાં લેવું જોઇએ." આ બાબત વઢવાણ નિવાસી બંધુઓએ જ્યાં હોય ત્યાંથી ધ્યાન આપી યોગ્ય રકમ મોકલવી એ અમને પણ યોગ્ય લાગે છે.

* * * *

## કેશર સંબંધી પ્રશ્નોના આવેલા ઉત્તરોનું રહસ્ય.

કેશર સંબંધમાં અમે આચાર્ય મહારાજાઓને અને મુનિમહારાજાઓને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો (૧૯) મહાત્માઓ તરફથી આવ્યા છે. તેમના નામો—

મુ. વલ્લભવિજયજી—બીકાનેર.
મુ. મોહનવિજયજી—વીંછીઆ.
મુ. ચિત્તવિજયજી.—દસાડા.
મુ. કુમુદવિજયજી—વઢવાણ.
મુ. પદ્મવિજયજી—લીંબડી
શ્રી વિજયનીતિસૂરિ—પાલીતાણા.
પં. લાભવિજયજી—કચ્છ બીદડા.
શ્રી વિજયકમળસૂરિ—વડોદરા.
શ્રી સાગરાનંદસૂરિ—સૈલાના.
પં. દેવવિજયજી—ચાણસમા.
મુ. ન્યાયવિજયજી—બેવલા.
પં. મણિવિજયજી—ત્રાપજ.
મુ. અમૃતવિજયજી—ચુડા.
મુ. કર્પૂરવિજયજી—વઢવાણ કાંપ.
મુ. દોલતવિજયજી—તખતગઢ.
મુ. ખાંતિવિજયજી—અમદાવાદ.
પં. હરખવિજયજી—પાલીતાણા.
પં. મોતીવિજયજી—રતલામ
મુ. દેવચંદ્રજી—કચ્છ. નાનીખાખર.

ઘણા આચાર્ય મહારાજાઓએ હજુ ગમે તે કારણસર ઉત્તર લખવા તસ્દી લીધી નથી. તમામ પત્રોના સાર તરીકે એક વાત તો ચોક્કસજ છે કે—**અપવિત્ર કેશર જિનપૂજામાં વાપરવું નહીં.** આ બાબત કેટલાક મહારાજાઓ સખ્ત પગલાં લેવા કહે છે, કેટલાક શિથિળતા બતાવે છે. કેટલાક શુદ્ધ મળે નહિ ત્યાં સુધી બંધ ન કરવું એમ લખે છે, કેટલાક શુદ્ધ મળે તોજ વાપરવું ત્યાં સુધી બંધ કરવા લખે છે વિગેરે. આ બધા સ્વતંત્ર મતો છે. અમારે એ બાબતમાં માત્ર અપવિત્ર કેશર નજ વાપરવું એટલોજ આગ્રહ છે, એટલે તે સજ્જડ બંધ થવું જોઇએ. જેમ ચાલે છે તેમ ચાલવું ન જોઇએ, કાશ્મીરી અથવા બીજું સૂરજછાપનું કે બીજી છાપનું જેની પવિત્રપણાની ખાત્રી થાય તે વાપરવું. પણ શંકાસ્પદ સ્થિતિમાં નામકેશર વાપરવું

નહીં અને તેની વપરાશ બની શકે તેટલી ઘટાડવી. હાલ પવરાશ બહુ વધી ગયેલી છે અને તેથી જિનપ્રતિમાના અંગપર નુકશાન થાય છે. આ સંબંધમાં અમે બીજા કોઇ પણ જાતના ઉત્તર પ્રત્યુત્તર કરવા ઇચ્છતા નથી.

હાલમાં વપરાતા કેટલાક કેશરની તપાસ કરાવતાં હજુ સંતોષકારક પરિણામ અમને જણાયું નથી. સુરતથી દિગંબર જૈનવાળા તરફથી શુદ્ધ કાશ્મીરી કેશર તરીકે આવેલ નમુનામાં પણ ગોટાળો નીકળ્યો છે. ઇરાનથી આવેલ કેશર પણ તપાસવામાં ગોટાવાળું નીકળ્યું છે. ચંદ્રછાપનું પણ તપાસવામાં તદ્દન ચોખ્ખું જણાતું નથી એવો રીપોર્ટ મળ્યો છે. હજુ બીજા કેશરોની તપાસ ચાલે છે. ચોકસ પરિણામ જણાયે જાહેર કરશું. અમે કેશરજ બંધ કરવું એવો વિચાર ધરાવતા નથી પણ અશુદ્ધ તો બંધ થવુંજ જોઇએ; ગોટાળો ચાલવો નજ જોઇએ એવો અમારો મત છે તે પ્રદર્શિત કરીએ છીએ. આટલા ઉપરથી અમારી ઉપર અનેક પ્રકારના આક્ષેપો કરવામાં આવે છે, પરંતુ તેના લખનારા મહાપુરૂષોને અમે અમારા ઉપગારી માનીએ છીએ, તેથી તે સંબંધમાં કાંઇ પણ લખવું અમને ઘટિત લાગતું નથી.

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષા.

સદરહુ બોર્ડ તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષા આ વરસે રાબેતા મુજબ ડીસેમ્બર માસના છેલ્લા રવિવારે એટલે તા૦ ૨૫–૧૨–૨૧ ને રોજ બોર્ડે નક્કી કરેલા જુદા જુદા સેન્ટરોએ લેવામાં આવશે.

ઉમેદવારોએ તેમજ પાઠશાળાઓએ પરીક્ષામાં બેસવા માટેનાં ફોર્મો તેથી તાકીદે મંગાવી લેઇ ભરીને રવાના કરી દેવાં.

નવો અભ્યાસક્રમ જેઓને મળ્યો ન હોય તેઓએ અર્ધા આનાની ટીકીટ બીડી તે મંગાવી લેવો.

બોર્ડનો રીપોર્ટ તૈયાર થયો છે. આ રીપોર્ટમાં પરીક્ષામાં બેસનાર ઉમેદવાર માટેના, પરીક્ષક માટેના તથા એજન્ટો માટેના નિયમો આપવામાં આવ્યા છે. વળી પરીક્ષાઓમાં પૂછાએલા સવાલો તથા પાસ થયેલા ઉમેદવારોનાં નામો પણ સાલ અને ધોરણવાર આપવામાં આવ્યા છે. તેની કિંમત આઠ આના રાખવામાં આવી છે. જેઓને જરૂર હોય તેઓએ તાકીદે મંગાવી લેવા.

ઓનરરી સેક્રેટરીઓ—શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

પાયધુની—મુંબઈ.

હાલમાં બહાર પડેલ છે.

શ્રી સિદ્ધર્ષિકૃતા

## શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર.

પ્રથમ ભાગ. પ્રસ્તાવ ૧–૨–૩.

પ્રથમ પ્રસ્તાવ.

ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના, કર્ત્તાનો નિષ્પુણ્યકતરીકે દેખાવ, સુસ્થિતરાજ આદિ અનેક મહાન્ બનાવો અને તેનો ઉપનય (પીઠબંધ).

દ્વિતીય પ્રસ્તાવ.

મનુજગતિ નગરી, કર્મપરિણામ રાજા, કાળપરિણતિ દેવી, સદાગમ, અગૃહિતસંકેતા, પ્રજ્ઞાવિશાળા, સંસારીજીવ, નિગોદથી મનુજગતિ નગરી સુધીના આગમનનો અદ્‌ભુત વૃત્તાંત. તૃતીય પ્રસ્તાવ.

નંદિવર્ધન, વૈશ્વાનર, ક્ષાંતિકુમારી, સ્પર્શન કથાનક, બાળ–મધ્યમ–મનીષીના વૃત્તાંત, મિથુનદ્વય અંતરકથા, ક્રોધ અને હિંસાની ભયંકર અસરો, વિવેક કેવળી, ભવપ્રપંચ; ત્રણ પ્રકારના કુટુંબો.

ભાષાંતર કર્ત્તા–મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ–સોલીસીટર.

કિંમત રૂ. ૩–૦–૦ પોસ્ટેજ રૂ ૦–૧૦–૬

આ અતિ અદ્‌ભુત ગ્રંથની નકલો બહુ થોડી છપાવેલી હોવાથી અને પડતર કરતાં પણ લગભગ એક રૂપીએ ઓછે વેચવાની કિંમત રાખેલી હોવાથી તરત મંગાવનારનેજ તેનો લાભ મળી શકશે. આ ગ્રંથના વખાણ કરવા પડે તેમ નથી. આખા ભાષાસાહિત્યમાં અદ્વિતીય ગ્રંથ છે. લગભગ ૯૧ ફારમ થયા છે અને નિર્ણયસાગર પ્રેસમાં બહુ સારી રીતે છપાવી સુશોભિત બાઈંડીંગથી બંધાવેલ છે. તરત મંગાવીને લાભ લ્યો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

---

૧ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો.

સ્થંભ–૧૩ થી ૧૮.

દરેક સ્થંભમાં ૧૫–૧૫ વ્યાખ્યાન છે અને એકેક કથા છે. બહુજ સરલ સંસ્કૃત ભાષામાં ગદ્યબંધ હોવાથી નવા અભ્યાસીને ઘણો ઉપયોગી છે.

કિંમત રૂ ૨–૮–૦ પોસ્ટેજ સાત આના.

૨ બે પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી. મોટા ટાઇપ. કેટલાક સુધારા વધારા સાથે. ૦–૪–૦

૩ શ્રી ચૈત્યવંદન ચોવીશી. પાકા કપડાના પુંઠા સાથે. ૦–૬–૦

૪ શ્રી ગૌતમસ્વામીનો રાસ અર્થ સહિત. ૦–૧–૦

(ઓછે પડવાથી દોઢ આનાનો એક આનો કર્યો છે.)

૫ શ્રી રત્નાકર પચ્ચીશી–અનુવાદ અર્થ સંયુક્ત. પાંચમી આવૃત્તિ. ૦–૧–૦

## ભાવનગર જૈન-સમુદાયના અગ્રણી વોરા અમરચંદ જસરાજનું ખેદકારક મૃત્યુ.

આ ગૃહસ્થ ૬૫ વર્ષની વયે આશ્વિન વદિ ૧૩ની રાત્રીએ સારી રીતની શુદ્ધિમાં પરમાત્માનું નામ સ્મરણ કરતાં પંચત્વ પામ્યા છે. એઓ ઘણા ધર્મચુસ્ત હતા. એમણે પોતાની જીંદગીમાં સમેતશિખરનો સંઘ, નવાણું યાત્રા, પાલીતાણે ધર્મશાળા, ગૃહચૈત્ય, ભાવનગરમાં જૈન ઔષધાલય, બારવ્રતનું ઉચ્ચારણ, ચતુર્થવ્રતનું ધારણ વિગેરે અનેક શુભ કાર્યો કર્યાં છે. શેઠ આણંદજી કલ્યાણજીના અનુભવી પ્રતિનિધિ તરીકે સારૂં કામ બજાવ્યું છે. અન્ય અનેક વ્યવહારિક તેમજ ધાર્મિક કાર્યમાં દ્રવ્યનો ફાળો આપ્યો છે. તેમની ખામી ભાવનગરના શ્રી સંઘને તેમજ મહાજનવર્ગને ન પૂરાય તેવી પડી છે. શીલ્પકળાનાં તેમજ જ્યોતિષવિદ્યાનાં તેઓ બહુ સારા અભ્યાસી હતા. ધાર્મિક દરેક કાર્યમાં અને સંસ્થાઓમાં અગ્રણી તરીકે ભાગ લેનારા હતા. એમની પાછળ તેમના ચીરંજીવી જગજીવનદાસ તથા ખાંતીલાલ વિગેરે તેમને પગલે ચાલી તેમની કીર્તિમાં વૃદ્ધિ કરશે એવો સંભવે છે. અમે તેમના બહોળા કુટુંબને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ અને તેમને શુભ પગલે ચાલવાની ભલામણ કરી વીરમીએ છીએ.

---

## પંન્યાસ મણિવિજયજીનો ખેદકારક સ્વર્ગવાસ.

એઓ મુનિરાજશ્રી બુટેરાયજી (બુદ્ધિવિજયજી) મહારાજના શિષ્ય મુ નીતિવિજયજી મહારાજના શિષ્ય મુનિ વિનયવિજયજીના શિષ્ય હતા. તેઓ મહુવામાં ચતુર્માસ હતા, પરંતુ મરકીના ઉપદ્રવથી ત્યાંથી નીકળી ડાઠા રહીને ત્રાપજ આવ્યા હતા. તેઓ માત્ર ૧૦ દિવસના વ્યાધિમાં કાર્તિક શુદિ ૩ જે પંચ પામ્યા છે. અંત સમયે મહુવા, તળાજા તથા ભાવનગર વિગેરેના શ્રાવકો તેમની ભા માં હતા. વ્યાધિ ટુંકા વખતમાંજ અસાધ્ય થઇ ગયો હતો, તેથી તેનું નિવા કરવાના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા એઓ જૈન શાસ્ત્રના બહુ સારા અભ્યા હતા અને વ્યાખ્યાનકળામાં કુશળ હતા, શ્રી સાગરાનંદ સૂરિના સંસ મોટાભાઇ હતા. અમે એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

---

## ભાઇ ત્રિભુવનદાસ મંગળજીનું ખેદકારક પંચત્વ.

આ બંધુ વીમા કંપનીના કામકાજમાં બહુ આગળ વધેલા હતા ઘણા લાયક હતા. તેઓ મુંબઇના પાણીની અસરથી કેટલોક વખત માં ભોગવી નાની વયમાં વઢવાણ ખાતે ગયા આશ્વિન માસમાં પંચત્વ પામ્ય તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. અમે તેમના કુટુંબી વર્ગને આશ્વા આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.